بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

શિર્ક ઠહરે જિસમેં તા'ઝીમે રસૂલ ﷺ
ઉસ બુરે મઝહબ પે લઅ્નત કીજિયે

# તા'ઝીમે રસૂલ ﷺ
## તથા
# બારગાહે ઈલાહીમાં રસૂલુલ્લાહ ﷺ ની ઈજ્જત

**સહીહ હદીષોની રોશનીમાં**


**અઝ**

**મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી**

*(સદર દારુલ ઈફતા જામિઆ અશરફિયા-મુબારકપુર)*

**અનુવાદક**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક-દયાદરા)*



**પ્રકાશક**

**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**

GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા-૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ
Mo. 94274 64411 Mo. 96645 21477
Web.barkatekhwaja.net

BANK
BANK DETAILS

બેંક ઓફ બરોડા
A/c. No. 34620100000303,
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

PhonePe
Mo. 94274 64411
G Pay paytm

| | | |
|---|---|---|
| પ્રકાશન નં.:૨૭૩ | આવૃત્તિ-૨ | પ્રત:૨૦૦૦ |
| ૨૬-જમાદિઉલ અવ્વલ | હિ.સ. ૧૪૪૫ | ૧૦/૧૨/૨૦૨૩ |

हदियो ₹80/-

## +++ અનુક્રમણિકા +++


❒ **તા'ઝીમે રસૂલ ﷺ કિતાબ તથા સુન્નતની રોશનીમાં** 05

❀ અહલે સુન્નતની દલીલો 06

❀ પ્રથમ પ્રકારની કુર્આની દલીલ 06

❀ ચાલુ નમાઝની હાલતમાં તાઝીમે રસૂલના ચમકતાં દ્દષ્ટાંતો 09

❀ ફર્માને ઈલાહી મુજબ દલીલો 10

❀ નમાઝ છોડીને રસૂલના દરબારમાં હાજર થવાથી નમાઝ તૂટતી નથી 11

❀ કેટલીક ખાસ હાલતોમાં સલામ કલામથી નમાઝ ન તૂટવાના સામાન્ય નઝારા 12

❀ તશહ્હુદ પઢતી વખતે નકલનો નહીં, સાચા અર્થમાં સલામનો ઈરાદો હોવો જોઈએ 17

❀ હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ ની નમાઝની ઈમામત અને તા'ઝીમે રસૂલ 18

❀ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ ની નમાઝની ઈમામત દરમ્યાન રસૂલનો એહતેરામ 20

❀ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ થકી ઈમામતની હાલતમાં નબીની તા'ઝીમ 22

❀ સરકાર ﷺનું હઝરત અબ્દુર્રહમાનના બનવામાં મુક્તદી તરીકે નમાઝ પઢવાનું કારણ 25

❀ **બીજા પ્રકારની દલીલો (સહાબા થકી તા'ઝીમે રસૂલ ﷺના નમૂના)** 31

❀ નમાઝ બહાર તા'ઝીમે રસૂલના અજોડ નમૂના 31

❀ તા'ઝીમે રસૂલ ﷺનો પ્રથમ નમૂનો જે વિવિધ નમૂનાઓનો સમૂહ છે 33

❀ તા'ઝીમે રસૂલ ﷺનો બીજો નમૂનો 35

❀ તા'ઝીમે રસૂલ ﷺનો ત્રીજો નમૂનો 36

❀ તા'ઝીમે રસૂલ ﷺનો ચોથો નમૂનો 36

❀ તા'ઝીમે રસૂલ ﷺનો પાંચમો નમૂનો 36

❀ તા'ઝીમે રસૂલનો છટ્ઠો નમૂનો 37

❒ **બારગાહે ઈલાહીમાં રસૂલુલ્લાહ ﷺની ઈજ્જત** 41

❀ ખુદાની બારગાહમાં રસૂલુલ્લાહ ﷺ તથા મો'મિનોની ઈજ્જત કુર્આન હદીષની રોશનીમાં 41

❀ અહલે સુન્નતની દલીલો 42

❀ કિતાબુલ્લાહની આયતો થકી સાબિતી 42

❀ રસૂલુલ્લાહ ﷺના ફર્માનો થકી સાબિતી 43

## પ્રકાશકના બે બોલ...

بسم الله الرحمن الرحيم

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْکَرِیْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْكَ یَا نَبِیَّ اللّٰهِ   اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْكَ یَارَسُوْلَ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْكَ یَا نُوْرَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْكَ یَاحَبِیْبَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْكَ وَسَلَّمَ

*દુશ્મને અહમદ પે શિદ્દત કીજિયે–મુલ્હિદોં કી ક્યા મુરવ્વત કીજિયે*
*શિર્ક ઠહરે જિસમેં તા'ઝીમે રસૂલ–ઉસ બુરે મઝહબ પે લા'નત કીજિયે*

*–(આ'લા હઝરત رَحْمَةُ اللهِ عَلَيْه)*

વહાબી ગૈર મુકલ્લિદ તથા વહાબી દેવબંદીઓના સંયુક્ત પેશવા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ પોતાની કિતાબમાં હદીષની ગલત તર્જુમાની કરતાં સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે : "એટલે કે સઘળા માનવીઓ આપસમાં ભાઈ ભાઈ છે. મોટો બુઝુર્ગ હોય એ મોટો ભાઈ છે, એ કારણે **મોટાભાઈ જેવું એનું સન્માન કરવું જોઈએ..."** આગળ લખે છે : "અવલિયા, અંબિયા, ઈમામો, ઈમામ પુત્રો, પીરો, શહીદો વગેરે જેટલાય અલ્લાહના મુકર્રબ બંદાઓ છે તે સઘળા ઈન્સાનો જ છે અને **અલ્લાહના વિવશ (લાચાર) બંદાઓ તથા આપણા ભાઈઓ છે,** પણ અલ્લાહે તેમને મોટાઈ અર્પણ કરેલી છે, **એટલે તેઓ આપણા મોટાભાઈ ઠર્યા.** આપણે એમના નાના (ભાઈઓ) છીએ, એટલે આપણે એમનું સન્માન કરવું જોઈએ... (સારાંશ મોટાભાઈ જેવું સન્માન કરવું જોઈએ.) *(તકવિયતુલ ઈમાન, મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી, ગુજરાતી અનુવાદક : હસન ભડકોદ્રવી, દારુલ ઉલૂમ અરબિયા કંથારીયા, તા.જિ. ભરૂચ, પેજ નં. ૧૫૦, ૧૫૧, પ્રકાશન નં. ૯૬, તા. ૨૮–૯–૧૯૮૯)*

## પ્રકાશકના બે બોલ...

એ જ કિતાબમાં વહાબી દેવબંદી લખે છે : **"દરેક મખ્લૂક ચાહે તે નાનો હોય કે મોટો અલ્લાહની શાનની સામે ઢેડચમારથી પણ અપમાનિત છે."** *(ગુજરાતી તકવિયતુલ ઈમાન, પેજ–૪૭)* કહે છે કે અહીં અંબિયા, અવલિયાની વાત અમે ક્યાં લખી છે ?! અમે તો નાની મોટી મખ્લૂક લખ્યું છે ! એટલે કે સફાઈ પેશ કરે છે ! પેજ–૩૧ ઉપર તો સ્પષ્ટ લખ્યું કે **"નબી, વલી, જિન્નાત, શૈતાન, ભૂત, પલીત સર્વ એક સરખાં છે."** અને અહીં ડાહ્યા બની સફાઈ પેશ કરે છે ! તેમને પૂછો કે નાનો તે કોણ મખ્લૂકમાં ને મોટો તે કોણ ? મખ્લૂકમાં સૌથી મોટો કોણ ? કહેશે કે હુઝૂર ﷺ ! તો પછી શું આ શબ્દો મોટી મખ્લૂક (હુઝૂર તથા તમામ નબી વલી) માટે અપમાનજનક શબ્દો નથી કે **"તેઓ ઢેડ ચમારથી પણ અપમાનિત છે."**

ઈમાની ગૈરત સાથે વિચારો કે શું આવા શબ્દો કોઈ મુસલમાન પોતાના પ્યારા નબી (ﷺ) તથા અલ્લાહના મહબૂબ રસૂલ, રહમતુલ્ લિલ આલમીન બનાવીને જેમને અલ્લાહે દુનિયામાં મોકલ્યા તેના વિશે કહી શકે ખરો ?! **શું કોઈ સહાબી, તાબઈ કે વલીએ નબીની શાનમાં આવા શબ્દો કહ્યા છે ?!** નહીં ! અને હરગિઝ નહીં ! તો પછી વિચારો કે આ વહાબી, ગૈર મુકલ્લિદ દેવબંદીઓ કયા મોઢે પોતાને મુસલમાન કહે છે ?! હે સુન્નીઓ ! સમજો, વિચારો અને તેમનાથી દોસ્તી, સગાઈ, ઉઠક બેઠક, શાદી વહેવાર બંધ કરો ! નહીં તો એ નબીના ગુસ્તાખો તમને અને તમારી ઔલાદને પણ જહન્નમમાં લઈ જશે.

હવે પ્રસ્તુત કિતાબમાં એમના આ બદઅકીદાની રદને વાંચો અને ખુદાના મહબૂબ ﷺના મર્તબાને સમજો અને ઈમાનમાં તાજગી મેળવો.

**–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક, મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)*

*(તા. ૧૫–૧૨–૨૦૨૩, જુમ્આ, હિ.સ. ૧૪૪૫, ૦૧–જમાદિયુલ આખર)*



**ચોથો મસ્અલો**

بسم الله الرحمن الرحيم

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْکَرِیْمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَارَسُوْلَ اللّٰهِ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَا نَبِیَّ اللّٰهِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْکَ یَاحَبِیْبَ اللّٰهِ اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیْکَ یَا نُوْرَ اللّٰهِ
صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْکَ وَسَلَّمَ

## તા'ઝીમે રસૂલ કિતાબ તથા સુન્નતની રોશનીમાં

એ બાબત પર ઉમ્મતનો ઈજમાઅ છે કે હુઝૂર સૈયદે કાઈનાત અફઝલુલ અંબિયા ﷺની તા'ઝીમ તથા તૌક઼ીર ફર્ઝ છે, બલ્કે એનો દરજ્જો ઘણા બધા ફર્ઝોથી ઉચ્ચ તથા આ'લા છે. વળી એ તા'ઝીમ મા, બાપ, ઔલાદ તથા સગા સંબંધીઓ સૌના કરતાં વધુ હોવી જોઈએ. એટલે સુધી કે નમાઝમાં પણ આપની તા'ઝીમ તથા તૌક઼ીરનો હુકમ છે.

પરંતુ એનાથી **ઉલ્ટુ વહાબી ગૈર મુક઼લ્લિદો** આપની આ પ્રમાણેની તા'ઝીમને માનનારા નથી. **તેઓ આપના માટે કેવળ મોટાભાઈનો મર્તબો માને છે અને બસ મોટાભાઈના જેટલી તા'ઝીમની ઈજાઝત આપે છે.**★ અને નમાઝની હાલતમાં તો એની પણ ઈજાઝત નથી આપતા ! બલ્કે ત્યાં સુધી સ્પષ્ટતા કરે છે કે **નમાઝમાં આપનો ખયાલ પણ તા'ઝીમની સાથે આવી જાય તો એ નમાઝીને શિર્કની તરફ ખેંચીને લઈ જશે !**

*★જેમ કે ઈસ્માઈલ દહેલ્વીની કિતાબ તક઼વિયતુલ ઈમાનમાં છે કે, (અંબિયા, અવલિયા વગેરે) સઘળા માનવીઓ આપસમાં ભાઈ ભાઈ છે. જે મોટો બુઝુર્ગ હોય એ મોટો ભાઈ છે, એ કારણે મોટા ભાઈ જેવું એમનું સન્માન કરવું જોઈએ...(તકવિયતુલ ઈમાન) (વહાબી દેવબંદી ગૈર મુક઼લ્લિદોનો અકીદો)*

## ★ અહલે સુન્નતની દલીલો ★

અહલે સુન્નત વ જમાઅતે તા'ઝીમે રસૂલના પ્રકરણમાં જે મૌકૂફ અપનાવ્યો છે તે કિતાબ તથા સુન્નતથી સાબિત છે, જ્યારે કે વહાબીઓનો મૌકૂફ કેવળ તેમનો પોતાનો ખયાલ છે. જેમ કે નીચેની નુસૂસ (કુર્આની આયતો)થી સાબિત થાય છે.

તા'ઝીમે રસૂલની કુર્આની દલીલો (નસો) બે પ્રકારની છે : અમે સરળતા માટે આ ચર્ચાની નસો (કુર્આની દલીલો)ને બે પ્રકારમાં વર્ણવીએ છીએ.

**પ્રથમ પ્રકાર** : નમાઝ તથા નમાઝ બહાર દરેક સ્થિતિમાં તા'ઝીમે રસૂલ વિશે નુસૂસ (કુર્આની દલીલો).

**બીજો પ્રકાર** : નમાઝની બહાર સામાન્ય સ્થિતિઓમાં તા'ઝીમે રસૂલ વિશે કુર્આની દલીલો.

## ★ પ્રથમ પ્રકારની કુર્આની દલીલ ★

(જેમાં નમાઝ તથા નમાઝ બહાર દરેક સ્થિતિમાં તાઝીમે રસૂલનું મુત્લક઼ ફર્માન છે)

**પ્રથમ મુત્લક (બિનશર્તી) ફર્માન** : અલ્લાહ ﷻનો ઈર્શાદ છે :–

اِنَّاۤ اَرْسَلْنٰكَ شَاهِدًا وَّ مُبَشِّرًا وَّ نَذِیْرًا ۙ لِّتُؤْمِنُوْا بِاللّٰهِ وَ رَسُوْلِهٖ وَ تُعَزِّرُوْهُ وَ تُوَقِّرُوْهُ ؕ وَ تُسَبِّحُوْهُ بُكْرَةً وَّ اَصِیْلًا ۝

"(હે નબી !) બેશક ! અમે તમને મોકલ્યા હાઝિર તથા નાઝિર અને ખુશખબરી સંભળાવનાર અને ડરાવનાર, જેથી હે લોકો ! તમે અલ્લાહ તથા રસૂલ પર ઈમાન લાવો અને રસૂલની તા'ઝીમ તથા તૌકીર કરો અને સવાર સાંજ અલ્લાહની પાકી વર્ણવો." *(સૂ. ફતહ, ૪૮/૮,૯)*

ઈમામ કાઝી અયાઝ માલિકી رحمۃ اللہ علیہ આ આયતના હેઠળ લખે છે :

فَأَوجبَ اللّٰهُ تعالىٰ تعزيرَه وتوقيرَه وألزمَ إكرامَه و تعظيمَه

"અલ્લાહ તઆલાએ રસૂલુલ્લાહ ﷺના એહતેરામ તથા તૌક઼ીર (માન

મર્તબા)ને વાજિબ અને તેમની તાઝીમ તથા તૌક઼ીરને લાઝિમ (અનિવાર્ય) કરી આપી.

આ આયતે કરીમામાં :–

❐ સૌ પ્રથમ અલ્લાહ વ રસૂલ પર ઈમાનનો હુકમ છે

❐ પછી રસૂલની તાઝીમ તથા તૌક઼ીર (રિસ્પેકટ)નો

❐ અને તેના પછી અલ્લાહ ﷻની તસ્બીહ તથા ઈબાદતનો.

*–(અશ્શિફા બતારીફે હુકૂકિલ મુસ્તફા, ૨/૫૮૭૭)*

એનો તક઼ાઝો એ છે કે આ હુકમોનું મહત્વ આ ક્રમસર થાય. જેથી અલ્લાહ ﷻની તસ્બીહ તથા ઈબાદતો કામ આવશે નહીં જ્યાં સુધી કે એની સાથે તા'ઝીમ તથા તૌકીરે રસૂલ ન હોય, અને એ તા'ઝીમ તથા તૌક઼ીર કામ નહીં આવે જ્યાં સુધી અલ્લાહ તથા તેના રસૂલ ﷺ પર ઈમાન ન હોય.

અહીંથી જાણવા મળ્યું કે રસૂલુલ્લાહ ﷺની તા'ઝીમ તથા તૌક઼ીર ખુદાના હુકમથી ફર્ઝ છે અને એ ફર્ઝ તસ્બીહ તથા ઈબાદતોથી આ'લા તથા બુલંદતર છે જેવું કે સહીહ બુખારી જામેઅ તિર્મિઝીની હદીષોથી પણ સ્પષ્ટ છે, આ હદીષો ત્રીજી આયતના હેઠળ આવી રહી છે.

**બીજુ મુત્લક઼ ફર્માન** : અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُقَدِّمُوْا بَيْنَ يَدَيِ اللّٰهِ وَ رَسُوْلِهٖ وَ اتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ سَمِيْعٌ عَلِيْمٌ۝ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَرْفَعُوْۤا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ وَ لَا تَجْهَرُوْا لَهٗ بِالْقَوْلِ كَجَهْرِ بَعْضِكُمْ لِبَعْضٍ اَنْ تَحْبَطَ اَعْمَالُكُمْ وَ اَنْتُمْ لَا تَشْعُرُوْنَ۝

**તર્જુમો** : ★ હે ઈમાનવાળાઓ ! ★ અલ્લાહ વ રસૂલથી આગળ ન વધો, અને અલ્લાહથી ડરો ! બેશક ! અલ્લાહ સાંભળનાર જોનાર છે. હે ઈમાનવાળાઓ ! ★ તમારા અવાજો ગયબ બતાવનાર (નબી)ના અવાજથી ઊંચા અવાજ ન કરો. ★ અને તેમની સમક્ષ ચિલ્લાઈને વાત ન કરો, જેવી રીતે આપસમાં એકબીજા સામે ચિલ્લાવ છો કે ક્યાંક તમારા અમલો બર્બાદ ન થઈ જાય, અને તમને ખબર ન પડે." *(સૂ. હુજુરાત, ૪૯/૧,૨)*

આ મુક઼દસ આયતોમાં અલ્લાહ ﷻએ પોતાના નબીએ રહમત ﷺની તાઝીમ તથા તૌક઼ીર (સન્માન) માટે ત્રણ હુકમો બહાર પાડયા છે.

- ❒ વાણી હોય કે વર્તન કોઈ પણ ચીજમાં રસૂલુલ્લાહ ﷺની આગળ ન વધો.
- ❒ પોતાના અવાજો રસૂલુલ્લાહ ﷺના અવાજથી ઊંચા ન કરો.
- ❒ રસૂલુલ્લાહ ﷺની સમક્ષ ચિલ્લાઈને વાત ન કરો જેવી રીતે આપસમાં ચિલ્લાઈને (બૂમો પાડીને) વાતો કરો છો.

આ આદાબ (નિયમો) અનિવાર્ય ફરજોમાંથી છે, અને તેની વિરૂધ્ધ વર્તન સખત હરામ તથા ગુનોહ છે કે તેના કારણે તમારા નેક અમલો બર્બાદ થઈ શકે છે.

આમાલે સાલેહા (નેક અમલો)માં તસ્બીહ તથા ઈબાદતો પણ સામેલ છે. એટલા માટે જાણવા મળ્યું કે **તા'ઝીમે રસૂલનો દરજો તસ્બીહ તથા ઈબાદતોથી વધીને છે.**

અને "મોટાભાઈ" કદાપિ આ તાઝીમે રસૂલમાં ભાગીદાર અથવા આપના જેવા નથી, કેમ કે "મોટાભાઈ"ની એવી બેઅદબી પર અમલોના બર્બાદ થવાનો હુકમ નથી આપવામાં આવ્યો.

**ત્રીજુ મુત્લક઼ ફર્માન** : રબ તઆલા ફર્માવે છે :–

يَاۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اسْتَجِيْبُوْا لِلّٰهِ وَلِلرَّسُوْلِ اِذَا دَعَاكُمْ لِمَا يُحْيِيْكُمْ ۚ

"હે ઈમાનવાળાઓ ! અલ્લાહ તથા રસૂલના બોલાવવા પર હાજર થાવ, જ્યારે તમને રસૂલ એ ચીજના માટે બોલાવે જે તમને જિંદગી બખ્શે."

*(સૂ. અન્ફાલ, ૮/૨૪)*

આ આયત મુબારકથી એ સાબિત થયું કે રસૂલ જ્યારે પણ પોકારે તો આપની બારગાહમાં હાજરી જરૂરી છે. આ મુત્લક઼ (બિનશર્તી) હુકમ છે, જેનો તક઼ાઝો એ છે કે જો રસૂલ નમાઝની હાલતમાં કોઈ મુસલમાનને પુકારે તો એના પર ફર્ઝ છે કે નમાઝ છોડીને બારગાહે રિસાલતમાં હાજર થઈ જાય.

## ★ ચાલુ નમાઝની હાલતમાં તાઝીમે રસૂલના ચમકતાં દૃષ્ટાંતો ★

જેમ કે નીચેની હદીષોથી એ સાબિત થાય છે :–

عَنْ أَبِي سَعِيدِ بْنِ الْمُعَلَّى، قَالَ: كُنْتُ أُصَلِّي فِي الْمَسْجِدِ، فَدَعَانِي رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَلَمْ أُجِبْهُ، فَقُلْتُ: يَا رَسُولَ اللّٰهِ، إِنِّي كُنْتُ أُصَلِّي، فَقَالَ: أَلَمْ يَقُلِ اللّٰهُ: (اسْتَجِيبُوا لِلّٰهِ وَلِلرَّسُولِ إِذَا دَعَاكُمْ)

**પ્રથમ હદીષ** : હઝરત અબૂ સઈદ ઈબ્ને મુઅલ્લા રિવાયત કરે છે કે હું એકવાર નમાઝ પઢી રહ્યો હતો. હુઝૂરે અક્દસ ﷺએ મને બોલાવ્યો તો હું તરત હાજર ન થયો. નમાઝ બાદ મેં અર્ઝ કર્યું, યા રસૂલલ્લાહ ! હું નમાઝ પઢી રહ્યો હતો. તો આપે ફર્માવ્યું, શું અલ્લાહ ﷻએ એવું નથી ફર્માવ્યું કે, ''અલ્લાહ તથા રસૂલના બોલાવવા પર હાજર થઈ જાવ.''

*–(સહીહ બુખારી ૨/૬૪૨, મજલિસે બરકાત)*

عَنْ أَبِي هُرَيْرَةَ، أَنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ خَرَجَ عَلَى أُبَيِّ بْنِ كَعْبٍ، فَقَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: ''يَا أُبَيُّ'' وَهُوَ يُصَلِّي، فَالتَفَتَ أُبَيٌّ وَلَمْ يُجِبْهُ وَصَلَّى أُبَيٌّ فَخَفَّفَ، ثُمَّ انْصَرَفَ إِلَى رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ. فَقَالَ: السَّلَامُ عَلَيْكَ يَا رَسُولَ اللّٰهِ، فَقَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: (وَعَلَيْكَ السَّلَامُ، مَا مَنَعَكَ يَا أُبَيُّ أَنْ تُجِيبَنِي إِذْ دَعَوْتُكَ) فَقَالَ: يَا رَسُولَ اللّٰهِ! إِنِّي كُنْتُ فِي الصَّلَاةِ، قَالَ: أَفَلَمْ تَجِدْ فِيمَا أُوحِي إِلَيَّ أَنْ ''اسْتَجِيبُوا لِلّٰهِ وَلِلرَّسُولِ إِذَا دَعَاكُمْ لِمَا يُحْيِيكُمْ.'' قَالَ: بَلَى، وَلَا أَعُودُ إِنْ شَاءَ اللّٰهُ۔

**બીજી શહાદત** : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ ઉબય ઈબ્ને કઅબની પાસે આવ્યા અને ફર્માવ્યું : હે ઉબય ! તે નમાઝ પઢી રહ્યા હતા એટલા માટે હુઝૂરની તરફ થોડા વળ્યા પણ બારગાહમાં હાજર ન થઈ શકયા. ઉબયે ટૂંકમાં નમાઝ પઢી. પછી રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં હાજર થઈને અર્ઝ કરી, اَلسَّلامُ علیك یا رسول اللّٰہ તો રસૂલુલ્લાહ ﷺએ જવાબ આપ્યો : وعلیك السلام, આપે પૂછયું, હે ઉબય ! જયારે મેં તને

બોલાવ્યો હતો તો જવાબ આપવા તથા હાજર થવાથી કઈ ચીજે રોકયો ? તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું નમાઝ પઢી રહ્યો હતો. તો હુઝૂર ﷺએ ફર્માવ્યું : કુર્આની વહીમાં શું તમે આ આયત નથી પઢી : ''અલ્લાહ અને રસૂલના બોલાવવા પર હાજર થઈ જાવ જ્યારે તે તમને એ ચીજના માટે બોલાવે જે તમને જિંદગી બખ્શે છે.'' તેમણે અર્ઝ કરી, હુઝૂર ! મેં એ વહી પઢી છે, અને હવે ઈન્શા અલ્લાહ ! એવું કરીશ નહીં. *(જામેઅ તિર્મિઝી, ૨/૧૧૧, મજલિસે બરકાત)*

હઝરત અબૂ સઈદ ઈબ્ને મુઅલ્લા અને હઝરત ઉબય ઈબ્ને કઅબ رضی اللہ عنہماને અલ્લાહના રસૂલે આ'ઝમ ﷺએ એવા સમયે યાદ કર્યા હતા જયારે તેઓ અલ્લાહ ﷻની સૌથી અફઝલ ઈબાદત નમાઝમાં મશગૂલ હતા. એટલા માટે એ હઝરાતે ફેંસલો કર્યો કે પ્રથમ નમાઝ સંપૂર્ણ કરીને ખુદાએ કુદુસની ઈતાઅત (ફર્માબરદારી) પૂર્ણ કરીએ, પછી બારગાહે રિસાલતમાં હાજર થઈને નબી પાક ﷺની આજ્ઞા પાલનનો ફરીઝો અદા કરીએ.

એક તરફ નમાઝ પૂરી કરવાનો મામલો હતો અને બીજી તરફ નબી પાક ﷺના ફર્માનના પાલનનો. તે હઝરાતે પોતાની રીતે الأهم فالأهمનો ફેંસલો કરીને વારા ફરતી બંનેવ આજ્ઞાઓનું પાલન કર્યુ.

## ★ ફર્માને ઈલાહી મુજબ દલીલો ★

પણ મુસ્તફા જાને રહમત ﷺએ એ હઝરાતના એ ફેંસલા પર ચેતવણીના અંદાઝમાં ઈર્શાદ ફર્માવ્યો કે શું અલ્લાહ તઆલાએ કુર્આન મજીદમાં આ ફર્માન જારી નથી કર્યુ ?! : اسْتَجِيْبُوْا لِلّٰهِ وَ لِلرَّسُوْلِ اِذَا دَعَاكُمْ ''જ્યારે અલ્લાહ વ રસૂલ તમને બોલાવે તો હાજર થઈ જાવ.''

**(અ)** મતલબ એ છે કે ''હાજર થઈ જાવ'' હુકમ મુત્લક઼ (બિનશર્તી) છે એટલા માટે તે પોતાના ઈત્લાક઼ (લાગુ થવા)ના કારણે નમાઝની હાલતને પણ સામેલ છે અને નમાઝ સિવાયની હાલતને પણ સમાવે છે. જેથી દરેક હાલતમાં રસૂલુલ્લાહ ﷺનો પુકાર સાંભળીને હાજર થઈ જવું ફર્ઝ છે અને એમાં કાંઈ પણ મોડુ રસૂલ ﷺની ચેતવણી તથા નારાઝગીનો સબબ છે.

## ★ નમાઝ છોડીને રસૂલના દરબારમાં હાજર થવાથી નમાઝ તૂટતી નથી ★

જેથી નમાઝી પર ફર્ઝ છે કે રસૂલુલ્લાહ ﷺના બોલાવવા પર નમાઝ છોડીને દરબારે મુસ્તફામાં હાજર થઈ જાય. આ બાબત નબવી હદીષો થકી બે વત્તા બે બરાબર ચારની જેમ જાહેર તથા રોશન છે. તેમજ આના બારામાં કેટલાક ઉલમાના ઈર્શાદો પણ અધિક સમર્થન માટે રજૂ કરીએ છીએ.

ઉમ્દતુલ ક઼ારીમાં છે :–

وقالَ صاحبُ التوضيح وصَرَّحَ أصحابنا. فقالوا: من خصائص النَّبي ﷺ أنه لو دعا إنسانا وهو في الصلاة وجب عليه الإجابة ولا يبطل صلاته۔

"તવઝીહના કર્તા ફર્માવે છે કે આપણા અસ્હાબે સ્પષ્ટતા કરી છે કે નબી કરીમ ﷺની વિશિષ્ટતાઓમાંથી એ વાત છે કે હુઝૂર જો કોઈ માણસને બોલાવે અને **તે નમાઝ પછી રહ્યો હોય તો પણ તેણે હાજર થઈ જવું વાજિબ છે અને તેની નમાઝ બાતિલ થશે નહીં.**"

*–(ઉમ્દતુલ ક઼ારી શરહે સહીહ બુખારી, ૭/૪૧૨)*

ફત્હુલ બારીમાં છે :–

تنبيه: قال (ابن التين) والذى تأول القاضيان عبد الوهاب وأبو الوليد:أن اِجابة النبي الله فى الصلاة فرضٌ. يعصى المرءُ بتركه. وأنه حكم يختصُّ بالنبي ﷺ۔

قلتُ: ما جنح إليه القاضيان من المالكية. وهو قول الشافعية. على اختلاف عندهم بعد قولهم بوجوب الإجابة هل تبطل الصلاة. أم لا۔''

**ચેતવણી** : "અલ્લામા ઈબ્ને તયન ફર્માવે છે કે ક઼ાઝી અબ્દુલ વહહાબ (માલિકી) અને ક઼ાઝી અબુલ વલીદ (માલિકી)એ ફર્માને ઈલાહી "હાજર થઈ જાવ"નો મતલબ એ વર્ણન કર્યો છે કે નમાઝની હાલતમાં પણ નબી કરીમ ﷺની બારગાહમાં હાજર થઈ જવું ફર્ઝ છે, તેની વિરૂધ્ધ વર્તનાર ગુનેહગાર થશે. આ હુકમ નબીયે ઉમ્મી ﷺની સાથે ખાસ છે.

(હાફિઝ અબુલ ફઝ્લ શહાબુદ્દીન અહમદ બિન હજર અસ્કલાની શાફઈ (ફર્માવે છે :) હું કહું છું કે બંનેવ માલિકી કાઝીઓએ જે અપનાવ્યું તે જ શાફઈ ઈમામોનો પણ કૌલ છે. તેઓ પણ એ વાતના માનનારા છે કે નમાઝી પર બારગાહે રિસાલતની હાજરી વાજિબ છે. હા ! એમાં મતભેદ છે કે નમાઝ છોડીને જવામાં નમાઝ બાતિલ થશે કે નહીં.

આ લખાણોથી એ બાબત ધોળા દિવસની જેમ જાહેર છે કે **કોઈ નમાઝીને રસૂલુલ્લાહ ﷺ ચાલુ નમાઝની હાલતમાં બોલાવે તો એના પર ફર્ઝ થઈ જાય છે કે જવાબ આપે અને નમાઝ છોડીને તરત આપની બારગાહમાં હાજર થઈ જાય.** આટલે સુધી એકમતી છે.

અને નમાઝ છોડીને બારગાહે રિસાલતમાં જવા અથવા જવાબ આપવાથી નમાઝ ફાસિદ થશે નહીં, મોટાભાગનાનો મૌકફ એ જ છે. આપણા વર્તમાન ઉલમાએ એહલે સુન્નત પણ એને જ માનનારા છે. અમુક શાફઈઓ નમાઝને ફાસિદ માને છે.

મોટાભાગનાનો મૌકફ કવી (મજબૂત) તથા સહીહ છે કે અલ્લાહનો હુકમ اِسْتَجِيْبُوْا એ اَجِيْبُوْا ના અર્થમાં છે. એટલે "જવાબ આપો, હુકમનું પાલન કરો." અને રસૂલુલ્લાહ ﷺની ઈજાબત તથા ઈતાઅત (સ્વીકૃતિ તથા આજ્ઞાપાલન) એ ખરેખર અલ્લાહના હુકમની સ્વીકૃતિ તથા આજ્ઞાપાલન છે. જેમ કે પોતે નમાઝ પઢવું પણ ખુદ અલ્લાહના હુકમની સ્વીકૃતિ તથા આજ્ઞાપાલન છે. એટલા માટે કુર્આને ફર્માવ્યું : اِسْتَجِيْبُوْا لِلّٰهِ وَ لِلرَّسُوْلِ "અલ્લાહ વ રસૂલનો જવાબ આપો, આજ્ઞા પાલન કરો." જ્યારે કે બોલાવનાર કેવળ રસૂલુલ્લાહ છે.

### ★ કેટલીક ખાસ હાલતોમાં સલામ કલામથી નમાઝ ન તૂટવાના સામાન્ય નઝારા ★

- ❒ ઈમામને લુકમો આપવો એ વિના શંકાએ ઈમામથી કલામ (વાતચીત) છે, પણ તેનાથી નમાઝ ફાસિદ નથી થતી કે એ અલ્લાહના હુકમ તથા રસૂલના હુકમ પર અમલ છે.
- ❒ નમાઝમાં રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં સલામ પેશ કરવી જરૂરી

છે : السَّلَامُ عَلَيْكَ أَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهُ સલામ એ વિના શંકાએ હુઝૂરથી વાતચીત જ છે પણ તેનાથી નમાઝ ફાસિદ નથી થતી, કેમ કે એ અલ્લાહના હુકમ તથા રસૂલના હુકમ પર અમલ છે.

❐ હદીષે ઝુલયદૈન (સહીહ મુસ્લિમ, ૧/૨૧૩, મજલિસે બરકાત)માં સરવરે કાઈનાત ﷺએ સહાબાથી અને સહાબાએ સરકાર ﷺથી ઝોહર અથવા અસ્રની બે જ રકાત પર ભૂલથી સલામ ફેરવ્યા બાદ વાત કરી. પછી સરકાર ﷺએ સહ્વ થયાની તેહકીક઼ થયા બાદ બાકી બે રકાતો પઢીને નમાઝ સંપૂર્ણ કરી. અહીં નમાઝ દરમ્યાન વાતચીતનું નમાઝ તોડનાર ન હોવાની એક સ્પષ્ટતા એ જ છે કે રસૂલુલ્લાહ ﷺ સાથે વાત કરવાથી નમાઝ તૂટતી નથી, જેમ કે ઈમામ નવવી رحمۃ اللہ علیہએ શરહે સહીહ મુસ્લિમમાં સ્પટતા કરી. તેમના શબ્દો આ પ્રમાણે છે :

والثاني : أن هذا كان خطابًا للنبيّ ﷺ وجواباً، وذلك لا يُبطِل عندنا وعند غيرنا، والمسئلةُ مشهورة بذلك۔

"બીજો જવાબ એ છે કે આ સંબોધન તથા જવાબ નબી કરીમ ﷺ સાથે હતું અને આ આપણા શાફઈ ઈમામો અને બીજા મઝહબના નજીક નમાઝ તોડનાર નથી. અને આ મસ્અલો મશહૂર છે."

*(મિન્હાજે શરહે સહીહ મુસ્લિમ, ૧/૨૧૪, મજલિસે બરકાત)*

સારાંશ આયતે કરીમા અને નબવી હદીષોથી જે હુકમો જાહેર છે, તેની ઉલમાએ એહલે સુન્નતે નિશાનદેહી (નિર્દેશ) કર્યો છે. અને સૌનો સાર એ છે કે રસૂલે મોઅઝ્ઝઝ્ ﷺ કોઈ માણસને ચાલુ નમાઝની હાલતમાં યાદ કરે (બોલાવે) તો તેના પર તરત જ બારગાહે નબવીમાં હાજર થવું ફર્ઝ થઈ જાય છે. આટલે સુધી તો ઉલમા વચ્ચે મતભેદ જોવા નથી મળતો. ત્યાં સુધી કે અમુક ગૈર મુક઼લ્લિદો આલિમો પણ એને સ્વીકારનારા છે.(અઝ : વહાબી શયખ ઓબેદુલ્લાહ ઈબ્ને અબ્દુસ્સલામ મુબારકપુરી, કિતાબ : મિર્આતુલ મફાતીહ શરહે મિશ્કાતુલ મસાબીહ, ૭/૧૫૮) અને એની સાથે અમારી ચર્ચાને સંબંધ છે.

**(બ)** રસૂલુલ્લાહ ﷺના ફર્માનનું પાલન એ વિના શંકાએ તાઝીમે રસૂલ

છે. તો રસૂલના બોલાવવા પર નમાઝ છોડીને ચાલ્યા જવાની ફર્ઝિયત જરૂર એ વાતની દલીલ છે કે રસૂલની તાઝીમ તસ્બીહ તથા ઈબાદતથી મહત્વની છે.

**(ક)** અને ઉમ્મતના ઉલમાના મજબૂત તથા રાજેહ (પસંદીદા) કથનો પ્રમાણે આ નમાઝમાં રસૂલુલ્લાહ ﷺની તાઝીમ પણ છે કેમ કે નમાઝી જ્યારે નમાઝ છોડીને બારગાહે રિસાલતમાં હાજર થાય છે તો એ વખતે પણ તે હુકમની રીતે નમાઝની હાલતમાં હોય છે, જેથી આ અયન નમાઝની હાલતમાં તાઝીમે નબીનું શાનદાર પ્રદર્શન છે. જો નમાઝમાં ગૈરુલ્લાહની આ તાઝીમ શિર્ક હોત★ અથવા શિર્કની તરફ ખેંચીને લઈ જાત તો શું આ મહાન ઈસ્લામના ઉલમા એની ઈજાઝત આપત ? શું આ દલીલ એ વાતનો તકાઝો નથી કરતી કે વહાબીઓ પોતાના તથા પોતાના ઈમામના મૌકૂફ પર ફેર વિચારણા કરે.

**ત્રીજી શહાદત :-**

عَنْ عَبْدِ اللّٰهِ، قَالَ: كُنَّا نَقُولُ فِي الصَّلَاةِ خَلْفَ رَسُولِ اللّٰهِ صلّى الله عليه وسلم - السَّلَامُ عَلَى اللّٰهِ السَّلَامُ عَلَى فُلَانٍ فَقَالَ لَنَا رَسُولُ اللّٰهِ صل الله عليه وسلم ذَاتَ يَوْمٍ: إِنَّ اللّٰهَ هُوَ السَّلَامُ، فَإِذَا قَعَدَ أَحَدُكُمْ فِي الصَّلَاةِ فَلْيَقُلْ :''التَّحِيَّاتُ لِلّٰهِ وَالصَّلَوَاتُ وَالطَّيِّبَاتُ

---

*★જેમ કે વહાબી પેશવા ઈસ્માઈલ દહેલ્વીએ ''સિરાતે મુસ્તક઼ીમ''માં (નમાઝમાં રસૂલના ખયાલ વિશે) લખ્યું છે : ઝિનાના વસવસા કરતાં પોતાની પત્ની સાથે સંભોગનો ખયાલ બેહતર છે. અને શયખ (પીર) તથા એના જેવા અન્ય બુઝુર્ગોની તરફ ભલે જનાબ રિસાલત મઆબ જ હોય પોતાના ધ્યાનને લગાડવું પોતાના બળદ તથા ગધેડાની સૂરતમાં (ખયાલમાં) ડૂબી જવા કરતાં બુરુ છે કેમ કે શયખનો ખયાલ તો તાઝીમ અને બુઝુર્ગી સાથે ઈન્સાનના દિલમાં ચોંટી જાય છે અને બળદ તથા ગધેડાના ખયાલને ન તો આ પ્રમાણે આર્કષણ હોય છે ન તા'ઝીમ, બલ્કે તુચ્છ તથા ઝલીલ હોય છે. અને ગૈરની આ તાઝીમ અને બુઝુર્ગીને નમાઝમાં રાખવામાં આવે તો તે શિર્કની તરફ ખેંચીને લઈ જાય છે. (દેવબંદી કિતાબ સિરાતે મુસ્તકીમ, પેજ-૧૩૬, અઝ : મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી) બતાવો ! હવે તમે કુર્આનને માનશો કે આ વહાબી મોલ્વીને ?!*

السَّلامُ عَلَيْكَ أَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهُ السَّلَامُ عَلَيْنَا وَعَلَى عِبَادِ اللهِ الصَّالِحِينَ''۔

فَإِذَا قَالَهَا أَصَابَتْ كُلَّ عَبْدٍ لِلَّهِ صَالِحٍ فِي السَّمَاءِ وَالْأَرْضِ۔

أَشْهَدُ أَنْ لَا إِلَهَ إِلَّا اللهُ وَأَشْهَدُ أَنَّ مُحَمَّدًا عَبْدُهُ وَرَسُولُهُ۔

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ ફર્માવે છે કે, અમે લોકો નમાઝમાં રસૂલુલ્લાહ ﷺની પાછળ કહ્યા કરતા હતા : اَلسَّلَامُ علیٰ اللّٰہ (અલ્લાહ પર સલામ) اَلسَّلَام علیٰ فلاں (ફલાણા પર સલામ). તો રસૂલુલ્લાહ ﷺએ એક દિવસ અમને ફર્માવ્યું કે અલ્લાહ તો ખુદ જ સલામ છે (જેથી તમારા સલામથી બેનિયાઝ છે) જ્યારે તમે નમાઝના "કાઈદા"માં બેસો તો આ પ્રમાણે (અત્તહિય્યાત) કહો :

التَّحِيَّاتُ لِلّٰهِ وَالصَّلَوَاتُ وَالطَّيِّبَاتُ السَّلَامُ عَلَيْكَ أَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهُ

السَّلَامُ عَلَيْنَا وَعَلَى عِبَادِ اللّٰهِ الصَّالِحِيْنَ

જ્યારે નમાઝી આ કલમા عَلَى عِبَادِ اللّٰهِ الصَّالِحِيْنَ પઢશે તો તેના સલામ દરેક સાલેહ બંદાને જે આસ્માન કે જમીનમાં હોય તેમને પહોંચી જશે (પછી પઢો) :

أَشْهَدُ أَنَّ لَا إِلَهَ إِلَّا اللّٰهُ وَأَشْهَدُ أَنَّ مُحَمَّدًا عَبْدُهُ وَرَسُولُهُ

"હું ગવાહી આપુ છું કે અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ નથી અને ગવાહી આપુ છું કે બેશક ! મુહમ્મદ અલ્લાહના બંદા તથા રસૂલ છે."

*(સહીહ મુસ્લિમ, ૧/૧૭૩, કિતાબુસ્સલાત, મજલિસે બરકાત, મુબારકપુર)*

હુઝૂર સૈયદે આલમ عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء નમાઝમાં "અત્તહિય્યાત" અને "સલામ" પેશ કરવાની તા'લીમ કેટલા પ્રમાણમાં આયોજનપૂર્વક આપતા હતા એનું વર્ણન બીજી રિવાયતમાં છે :–

حَدَّثَنِي عَبْدُ اللهِ بْنُ سَخْبَرَةَ. قَالَ : سَمِعْتُ ابْنَ مَسْعُودٍ يَقُولُ: عَلَّمَنِي رَسُولُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ التَّشَهُّدَ كَفِّي بَيْنَ كَفَّيْهِ كَمَا يُعَلِّمُنِي السُّورَةَ مِنَ الْقُرْآنِ. وَاقْتَصَّ التَّشَهُّدَ بِمِثْلِ مَا اقْتَصُّوا۔

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ

ﷺએ મને "તશહ્હુદ" (અત્તહિય્યાત)ની તા'લીમ આ પ્રમાણે આપી કે મારી હથેળી હુઝૂર رضی اللہ عنہની બંને હથેળીઓની વચ્ચે હતી અને હુઝૂર એ રીતે મને તશહ્હુદની તા'લીમ આપતા હતા જેવી રીતે કે કુર્આનની સૂરતની તા'લીમ આપતા હતા. ત્યાર પછી તેમણે તશહ્હુદનો પૂરો બનાવ પ્રથમ હદીષ જેમ વર્ણન કર્યો." *(સહીહ મુસ્લિમ, ૧/૧૭૪)*

બુખારી શરીફમાં એક જગાએ છે : وَكَفِّي بَيْنَ كفّيهِ છે વાવની સાથે અને બીજી જગાએ :

عَلَّمَنِي النَّبِي۔صلّى اللّٰه تعالى عليه وسلم۔وكَفِّي بَيْنَ كَفَّيهِ التَّشَهُّدَ؛ كَمَا يُعَلِّمُنِي السُّورَةَ مِنَ القُرآنِ. છે.

*(સહીહ બુખારી, ૨/૯૨૬, કિતાબુલ ઈસ્તીઝાન, મજલિસે બરકાત)*

**ચોથી શહાદત** : બરાબર આ જ કૈફિયત હઝરત સૈયદના ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ પણ વર્ણવી છે :–

عَنْ ابْنِ عَبَّاسٍ أَنَّهُ قَالَ: كَانَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يُعَلِّمُنَا التَّشَهُّدَ كَمَا يُعَلِّمُنَا السُّورَةَ مِنَ الْقُرْآنِ ... وَفِي رِوَايَةِ ابْنِ رُمْحٍ كَمَا يُعَلِّمُنَا الْقُرْآنَ۔

"હઝરત ઈબ્ને અબ્બાસ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ અમને તશહ્હુદની તા'લીમ એ રીતે આપતા હતા જેવી રીતે કુર્આને હકીમની સૂરતની તા'લીમ આપતા હતા." *(સહીહ મુસ્લિમ, ૧/૧૭૪, કિતાબુસ્સલાત, મજલિસે બરકાત)*

આ હદીષોમાં સૈયદે કાઈનાત, અફઝલુલ મખ્લૂક઼ાત ﷺએ પોતાની ઉમ્મતને એ તા'લીમ આપી છે કે નમાઝોના દરમિયાન અને આખરમાં આપની બારગાહમાં આ પ્રમાણે સલામ પેશ કર્યા કરે : السَّلَامُ عَلَيْكَ أَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهُ (હે નબી ! આપ પર સલામતી થાય તથા અલ્લાહની રહમતો તથા બરકતો) અને **આ યક઼ીનન ! ખાસ નમાઝની હાલતમાં નબી કરીમ ﷺની તા'ઝીમ તથા તૌક઼ીર છે** કેમ કે સલામ એ અદબ તથા તા'ઝીમ તથા તવાઝોઅના પ્રકરણથી છે. આમ પણ મુસલમાન જ્યારે બારગાહે નબુવ્વતમાં સલામનું નઝરાણુ પેશ કરે છે તો અદબ તથા તા'ઝીમ તથા તવાઝોઅ (આજીજી)ની

સાથે પેશ કરે છે. મઆઝલ્લાહ ! કોઈના દિલમાં પણ મામૂલી સરખી બેઅદબીનો ખયાલ અને વહેમ પણ નથી હોતો.

## ★ તશહ્હુદ પઢતી વખતે નકલનો નહીં, સાચા અર્થમાં સલામનો ઈરાદો હોવો જોઈએ ★

ફક઼ીહો ફર્માવે છે કે તશહ્હુદ પઢતી વખતે તશહ્હુદ (અત્તહિય્યાત)ના શબ્દોના હક઼ીક઼ી અર્થનો ઈરાદો કરે અને મેઅરાજમાં અલ્લાહ عزّوجلّ અને રસૂલુલ્લાહ ﷺમાં જે વાતચીત થઈ હતી તેની નકલ તથા હિકાયતનો ઈરાદો ન કરે. એટલે તેનો ઈરાદો એ હોય કે એ ખુદ અલ્લાહ તઆલાની બારગાહમાં તહિય્યાત તથા સલવાત અને રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં સલામનો હદિયો પેશ કરી રહ્યો છે, કેમ કે અલ્લાહ તઆલાએ મુત્લક઼ન ફર્માવ્યું : يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا صَلُّوْا عَلَيْهِ وَسَلِّمُوْا تَسْلِيْمًا "હે ઈમાનવાળાઓ ! નબી પર સલાતો સલામ મોકલો." *(સૂરએ અહઝાબ, ૩૩/૫૬)*

આ આયત પોતાના ઈત્લાક઼ના (લાગુ થવાના) કારણે નમાઝ તથા ગૈરે નમાઝ દરેકને સમાવે છે, અને અહીં યક઼ીનન ! ઈરાદાપૂર્વક સલાતો સલામ મોકલવાનો હેતુ છે. તેમજ તશહ્હુદની હદીષના છેવટમાં આ શબ્દો છે :–

فإذا قالها أصابت كلّ عبدٍ صالحٍ فى السّماء الأرض "જ્યારે નમાઝી આ શબ્દો પઢશે તો તે આસ્માન તથા જમીનના દરેક સાલેહ (નેક) બંદાને પહોંચી જશે." જાહેર છે કે સલામ એ જ વખતે પહોંચશે જ્યારે ઈરાદાપૂર્વક સલામ પેશ કરે, ન કે કેવળ નક઼લ તથા હિકાયતરૂપે પઢે. એટલા માટે ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ ફર્માવે છે :

واحضُر في قلبكَ النَّبِيَّ صلّى الله تعالى عليه وسلم وشخصه الكريم وقل : "السَّلَامُ عَلَيْكَ أَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللهِ وَبَرَكَاتُهُ"

"પોતાના દિલમાં નબી ﷺ અને આપની ઝાતે અક઼દસને હાજર કરો, પછી અર્ઝ કરો السَّلَامُ عَلَيْكَ أَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهُ સલામ થજો આપના પર હે નબી ! અને અલ્લાહની રહમત તથા બરકત". *(અહયાઉલ ઉલૂમ, ૨/૩૦૪, કાહિરા)*

આ પ્રકારની સ્પષ્ટતા ઉમ્મતના અન્ય ઉલમાએ પણ કરી છે.

## ★ હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہની નમાઝની ઈમામત અને તા'ઝીમે રસૂલ ★

**પાંચમી શહાદત :–**

عَنْ عُرْوَةَ بْنِ الْمُغِيرَةِ بْنِ شُعْبَةَ. عَنْ أَبِيهِ قَالَ: تَخَلَّفَ رَسُولُ اللهِ- صلّى الله عليه وسلّم- وَتَخَلَّفْتُ مَعَهُ فَلَمَّا قَضَى حَاجَتَهُ قَالَ :''أَمَعَكَ مَاء'' فَأَتَيْتُهُ بِمِطْهَرَةٍ. فَغَسَلَ كَفَّيْهِ وَوَجْهَهُ ثُمَّ ذَهَبَ يَحْسِرُ عَنْ ذِرَاعَيْهِ. فَضَاقَ كُمُّ الْجُبَّةِ فَأَخْرَجَ يَدَهُ مِنْ تَحْتِ الْجُبَّةِ وَأَلْقَى الْجُبَّةَ عَلَى مَنْكِبَيْهِ وَغَسَلَ ذِرَاعَيْهِ وَمَسَحَ بِنَاصِيَتِهِ وَعَلَى الْعِمَامَةِ وَعَلَى خُفَّيْهِ ثُمَّ رَكِبَ وَرَكِبْتُ فَانْتَهَيْنَا إِلَى الْقَوْمِ وَقَدْ قَامُوا فِي الصَّلَاةِ يُصَلِّي بِهِمْ عَبْدُ الرَّحْمَنِ بْنُ عَوْفٍ وَقَدْ رَكَعَ بِهِمْ رَكْعَةً. فَلَمَّا أَحَسَّ بِالنَّبِيِّ صلّى الله عليه وسلم ذَهَبَ يَتَأَخَّرُ. فَأَوْمَأَ إِلَيْهِ. فَصَلَّى بِهِمْ. فَلَمَّا سَلَّمَ قَامَ النَّبِيُّ صلى الله عليه وسلم- وَقُمْتُ فَرَكَعْنَا الرَّكْعَةَ الَّتِي سَبَقَتْنَا-

''ઉરવા બિન મુગીરહનું બયાન છે કે તેમના પિતા હઝરત મુગીરા ઈબ્ને શઅબા رضی اللہ عنہએ બતાવ્યું કે, તે અને રસૂલુલ્લાહ ﷺ (એક રાતે) સફરમાં કાફલાથી પાછળ રહી ગયા. જ્યારે સરકાર عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء કઝાએ હાજત ફર્માવી ચૂક્યા તો પૂછયું કે શું તમારી પાસે પાણી છે ? તો હું પાણીનું પાત્ર લઈને આવ્યો. હુઝૂર ﷺએ તેના વડે પહેલાં પોતાના હાથની હથેળીઓ ધોઈ, પછી ચહેરો ધોયો પછી જબ્બામાંથી પોતાના હાથ કાઢવા લાગ્યા તો જબ્બાની બાંય તંગ પડી ગઈ એટલા માટે સરકાર ﷺએ જબ્બાની નીચેથી પોતાના હાથ કાઢયા અને જબ્બાના બંને ખભાઓ પર રાખી દીધા. પછી બંનેવ હાથ ધોયા. પછી માથાના ચોથાઈ હિસ્સા પર અને અમામા અને બંને મોજાંઓ પર મસહ કર્યો. પછી હુઝૂર ﷺ સવાર થયા અને હું પણ સવાર થયો, ત્યાં સુધી કે અમે લોકો કાફલામાં એ વખતે પહોંચ્યા જ્યારે તે હઝરાત નમાઝ (ફજરની) શરૂ કરી ચૂક્યા હતા. તેમને હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ નમાઝ પઢાવી રહ્યા હતા અને તે એક રકાત પઢાવી ચૂક્યા હતા.

**જ્યારે તેમણે નબી કરીમ ﷺની આહત (પગરવ) મહેસૂસ કરી તો પાછળ હટવા લાગ્યા. નબી કરીમ ﷺએ તેમને ઈશારાથી પોતાની જગાએ યથાવત રહેવાનો હુકમ આપ્યો.** તો તેમણે પૂરી નમાઝ પઢાવી. જ્યારે તેમણે સલામ ફેરવી તો નબી કરીમ ﷺ ઉભા થઈ ગયા અને હું પણ ઉભો થઈ ગયો અને જે રકાતમાં અમે લોકો મસ્બૂક રહી ગયા હતા તેને અદા કરી. *(સહીહ મુસ્લિમ, ૧/૧૩૪)*

આ હદીષની બીજી રિવાયતથી માલૂમ પડે છે કે આ બનાવ ગઝવએ તબૂકની સફરનો છે, તે પણ રાતમાં. અને નમાઝથી મુરાદ ફજરની નમાઝ છે. જેમ કે باب تقديم الجماعة من يصلى بهمમાં ઈમામ મુસ્લિમે તખરીજ કરી છે. *(સહીહ મુસ્લિમ, ૧/૧૮૦)*

આ હદીષથી ઘણા બધા હુકમો સાબિત થાય છે પણ અમે અહીં કેવળ એ બાબત પર પ્રકાશ વેરવા ચાહીએ છીએ કે હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہએ જ્યારે એ મહેસૂસ કર્યું કે હુઝૂર સરવરે અંબિયા ﷺ તશરીફ લાવી રહ્યા છે તો ઈમામતની જગાએથી પાછળ હટવા લાગ્યા. અને જાહેર છે કે હટવું કોઈ શરઈ મજબૂરી કે કોઈને ઈમામત માટે ખલીફા બનાવવાના કારણે ન હતું (જેમ કે ઈમામનું વુઝૂ જતુ રહે તો કરવામાં આવે છે) અને ન તો અગાઉથી એના બારામાં કોઈ ફર્માન જારી થયું હતું કે હુઝૂર પ્રથમ સફમાં આવી જાય તો ઈમામ હટી જાય. એટલા માટે **ચાલુ નમાઝમાં આ હટવું કેવળ તા'ઝીમે નબી માટે હતું** જેનો હુકમ કિતાબ તથા સુન્નતના પ્રમાણે નુસૂસમાં પહેલાંથી મૌજૂદ હતો. જેથી અહીં બરાબર ખાસ નમાઝની હાલતમાં ઈમામે નબીની તા'ઝીમનું જાહેર રીતે પ્રદર્શન કર્યું અને સરકાર ﷺએ તેને યથાવત (માન્ય) રાખ્યું અને તેના પર કોઈ મનાઈ ન કરી. પણ **ઈમામુલ વહાબિયા (ઈસ્માઈલ દહેલ્વી) નમાઝમાં નબીની તા'ઝીમ કરવી તો મોટી વાત છે પણ તા'ઝીમની સાથે નબીના ખયાલ પર પણ શિર્ક તરફ ખેંચવાનો આક્ષેપ લગાડે છે !**

## ★ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہની નમાઝની ઈમામત દરમ્યાન રસૂલનો એહતેરામ ★

**છઠ્ઠી શહાદત :–**

عَنْ سَهْلِ بْنِ سَعْدَانِ السَّاعِدِيِّ أَنَّ رَسُولَ اللّٰهِ۔ صلّی اللہ علیه وسلم ذَهَبَ إِلَى بَنِي عَمْرِو بْنِ عَوْفٍ لِيُصْلِحَ بَيْنَهُمْ فَحَانَتِ الصَّلَاةُ، فَجَاءَ الْمُؤَذِّنُ إِلَى أَبِي بَكْرٍ فَقَالَ: أَتُصَلِّي بِالنَّاسِ فَأُقِيم؟ قَالَ: نَعَمْ. قَالَ: فَصَلَّى أَبُو بَكْرٍ. فَجَاءَ رَسُولُ اللّٰه صلی اللہ علیه وسلم وَالنَّاسُ فِي الصَّلَاةِ فَتَخَلَّصَ حَتَّى وَقَفَ فِي الصَّفِّ فَصَفَّقَ النَّاسُ وَكَانَ أَبُو بَكْرٍ لَا يَلْتَفِتُ فِي الصَّلَاةِ فَلَمَّا أَكْثَرَ النَّاسُ التَّصْفِيقَ الْتَفَتَ. فَرَأَى رَسُولَ اللّٰهِ صلّی اللہ علیه وسلّم فَأَشَارَ إِلَيْهِ رَسُولُ اللّٰهِ صلی اللہ علیه وسلّم أَنِ امْكُثْ مَكَانَكَ فَرَفَعَ أَبُو بَكْرٍ يَدَيْهِ فَحَمِدَ اللّٰهَ عَزَّ وَجَلَّ عَلَى مَا أَمَرَهُ بِهِ رَسُولُ اللّٰهِ صلی اللہ علیه وسلّم مِنْ ذٰلِكَ. ثُمَّ اسْتَأْخَرَ أَبُو بَكْرٍ حَتَّى اسْتَوَى فِي الصَّفِّ وَتَقَدَّمَ النَّبِيُّ صلّی اللہ علیه وسلم فَصَلَّى، ثُمَّ انْصَرَفَ فَقَالَ: ''يَا أَبَا بَكْرٍ مَا مَنَعَكَ أَنْ تَثْبُتَ إِذْ أَمَرْتُكَ''۔ قَالَ أَبُو بَكْرٍ: مَا كَانَ لِابْنِ أَبِي قُحَافَةَ أَنْ يُصَلِّيَ بَيْنَ يَدَيْ رَسُولِ اللّٰهِ صلّی اللہ علیه وسلّم۔

فَقَالَ رَسُولُ اللّٰهِ صلی اللہ علیه وسلّم: ''مَا لِي، رَأَيْتُكُمْ أَكْثَرْتُمُ التَّصْفِيقَ، مَنْ نَابَهُ شَيْءٌ فِي صَلَاتِهِ فَلْيُسَبِّحْ، فَإِنَّهُ إِذَا سَبَّحَ الْتُفِتَ إِلَيْهِ، وَإِنَّمَا التَّصْفِيقُ لِلنِّسَاءِ''۔

وَ فِي رِوَايَةٍ: فَجَاءَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَخَرَقَ الصُّفُوفَ حَتَّى قَامَ عِنْدَ الصَّفِّ الْمُقَدَّمِ۔

હઝરત સહલ બિન સઅદ સાઅદી رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ કબીલા બનૂ અમ્ર બિન ઔફમાં સુલહ કરાવવા માટે તશરીફ લઈ ગયા, અને આ બાજુ નમાઝનો સમય થઈ ગયો, તો મોઅઝ્ઝિન હઝરત અબૂ બક્ર સિદ્દીક رضی اللہ عنہની પાસે આવ્યા અને અર્ઝ કરી, શું આપ લોકોને નમાઝ પઢાવશો તો હું ઈકામત કહું ? તેમણે કહ્યું, હા ! તો હઝરત અબૂ બક્ર નમાઝ પઢાવવા લાગ્યા એટલામાં રસૂલલ્લાહ ﷺ તશરીફ લાવ્યા અને લોકો નમાઝમાં હતા.

તો સરકાર લોકોની વચ્ચેથી પસાર થતા (પ્રથમ) સફમાં જઈને ઉભા થઈ ગયા. એ જોઈને લોકો તાલી વગાડવા (હાથની પીઠ પર હાથ મારી) લાગ્યા અને હઝરત અબૂ બક્ર (નમાઝમાં મશગૂલિયતના કારણે) આમ તેમ વળતા ન હતા. જ્યારે લોકો અધિક તાળીઓ લગાડવા લાગ્યા તો વળ્યા અને નબી કરીમ ﷺને જોયા. તો રસૂલુલ્લાહ ﷺએ ઈશારાથી ફર્માવ્યું કે તમારી જગાએ રોકાયેલા રહીને ઈમામત કરતા રહો. રસૂલુલ્લાહ ﷺના આ હુકમ પર (ખુશીના કારણે) હઝરત અબૂ બક્રએ બંને હાથ ઉપર તરફ ઉઠાવ્યા અને એ રીતે અલ્લાહ ﷻની (ખામોશ) હમ્દ કરી.

પછી હઝરત અબૂ બક્ર પાછળ હટવા લાગ્યા ત્યાં સુધી કે સફમાં બરાબર ઉભા થઈ ગયા અને નબી કરીમ ﷺએ આગળ વધીને ઈમામત શરૂ કરી આપી. નમાઝથી ફારિગ થયા બાદ આપે ફર્માવ્યું, હે અબૂ બક્ર ! જ્યારે મેં તમને હુકમ આપ્યો હતો તો તમને ઈમામતથી કઈ ચીજે રોકયા ? તો અબૂ બક્રએ અર્ઝ કરી કે, હુઝૂર ! અબૂ કહાફાના પુત્ર (એટલે પોતે)ની મિજાલ કે રસૂલુલ્લાહથી આગળ વધીને ઈમામત કરે !

પછી રસૂલુલ્લાહ ﷺએ સહાબાને ફર્માવ્યું કે, શું વાત છે કે તમે લોકો તાલીઓ વધારે વગાડી રહ્યા હતા ? જ્યારે નમાઝમાં કાંઈ પેશ આવે તો "સુબ્હાનલ્લાહ" કહ્યા કરો. સુબ્હાનલ્લાહ કહેશો તો ઈમામ ધ્યાનિત થઈ જશે. હાથ પર હાથ મારવો તો કેવળ સ્ત્રીઓ માટે છે.

*(સહીહ મુસ્લિમ, ૧/૧૭૯,.......... મજલિસે બરકાત)*

અને બીજી રિવાયતમાં છે કે રસૂલુલ્લાહ ﷺ સફોને ચીરીને અને પહેલી સફમાં ઉભા રહ્યા. *(હવાલો ઉપર મુજબ)*

સરકાર ﷺના આગમન પર મુક્તદી સહાબીઓ હાથો પર હાથ મારીને હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہને માહિતગાર કરવા લાગ્યા કે તે પાછળ આવી જાય, અને માહિતગાર થયા બાદ તે પાછળ આવી પણ ગયા. **આ બધું જ તાઝીમે રસૂલ માટે હતું (જે સહાબાએ કિરામે કર્યું.)**

મુસલમાનો જુએ કે સહાબીઓ અને સહાબીઓમાં અફઝલ હઝરત સિદ્દીકે

અકબર رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ ચાલુ નમાઝની હાલતમાં રસૂલુલ્લાહ ﷺની તાઝીમ કરી રહ્યા છે અને સરકાર ﷺ જાતે પોતે જોઈ રહ્યા છે. **જો એ શિર્ક હતું તો શું તૌહીદના સૌથી મહાન દાઈ (નિમંત્રક), અફઝલુલ મુરસલીન ﷺએ શિર્કને પસંદ કરીને યથાવત રાખ્યું ?!** મઆઝલ્લાહ !

## ★ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ થકી ઈમામતની હાલતમાં નબીની તા'ઝીમ ★

**સાતમી શહાદત :-**

عَنْ عَائِشَةَ، قَالَتْ: لَمَّا ثَقُلَ رَسُولُ اللهِ صلّى الله عليه وسلم جَاءَ بِلالٌ يُؤْذِنُهُ بِالصَّلاَةِ، فَقَالَ : '' مُرُوا أَبَا بَكْرٍ فَلْيُصَلِّ بِالنَّاسِ''، قَالَتْ : فَقُلْتُ يَا رَسُولَ اللهِ ، إِنَّ أَبَا بَكْرٍ رَجُلٌ أَسِيفٌ ، وَإِنَّهُ مَتَى يَقُوْمُ مَقَامَكَ لَا يُسْمِعُ النَّاسَ ، فَلَوْ أَمَرْتَ عُمَرَ۔

فَقَالَ : ''مُرُوا أَبَا بَكْرٍ فَلْيُصَلِّ بِالنَّاسِ''۔ قَالَتْ: فَقُلْتُ لِحَفْصَةَ: قُولِي لَهُ : إِنَّ أَبَا بَكْرٍ رَجُلٌ أَسِيفٌ ، وَإِنَّهُ مَتَى يَقُمْ مَقَامَكَ لَا يُسْمِعَ النَّاسَ ، فَلَوْ أَمَرْتَ عُمَرَ۔ فَقَالَتْ لَه : فَقَالَ رَسُولُ اللّهِ صلّى الله عليه وسلم : '' إِنَّكُنَّ لَأَنْتُنَّ صَوَاحِبُ يُوسُفَ ، مُرُوا أَبَا بَكْرٍ فَلْيُصَلِّ بِالنَّاسِ''۔

قَالَتْ: فَلَمَّا دَخَلَ فِي الصَّلَاةِ وَجَدَ رَسُولُ اللّهِ صلّى الله عليه وسلّم مِنْ نَفْسِهِ خِفَّةً، قالتْ : فَقَامَ يُهَادِي بَيْنَ رَجُلَيْنِ، وَرِجْلَاهُ تَخُطَّانِ فِي الْأَرْضِ۔

قَالَتْ: فَلَمَّا دَخَلَ الْمَسْجِدَ سَمِعَ أَبُو بَكْرٍ حِسَّهُ ذَهَبَ يَتَأَخَّرُ فَأَوْمَأَ إِلَيْهِ رَسُولُ اللهِ صلى الله عليه وسلّم قُمْ مَكَانَكَ. فَجَاءَ رَسُولُ اللّهِ صلّى الله عليه وسلم۔ حَتَّى جَلَسَ عَنْ يَسَارِ أَبِي بَكْرٍ. قالت: فَكَانَ رَسُولُ اللهِ صلى الله عليه وسلّم يُصَلِّي بِالنَّاسِ جَالِسًا وَأَبُو بَكْرٍ قَائِمًا، يَقْتَدِي أَبُو بَكْرٍ بِصَلَاةِ النَّبِيِّ صلى الله عليه وسلم وَيَقْتَدِي النَّاسُ بِصَلَاةِ أَبِي بَكْرٍ۔

"ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે જ્યારે રસૂલુલ્લાહ બીમાર થઈ ગયા અને હઝરત બિલાલ હુઝૂરને નમાઝની ખબર આપવા આવ્યા તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, "અબૂબક્રને કહો કે તે નમાઝ પઢાવે." હઝરત આઈશા رضی اللہ عنہا કહે છે, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ! ﷺ અબૂ બક્ર નરમ દિલ ઈન્સાન છે, તે જ્યારે આપની જગ્યાએ ઉભા રહેશે તો લોકોને ક઼િરાઅત સંભળાવી શકશે નહીં. એટલા માટે હુઝૂર ! હઝરત ઉમરને હુકમ આપો. હુઝૂરે ફર્માવ્યું, અબૂ બક્રને કહો કે તે લોકોની ઈમામત કરે."

હઝરત આઈશા કહે છે કે મેં હઝરત હફસાને કહ્યું કે તમે હુઝૂરને કહો કે હઝરત અબૂબક્ર નરમ દિલ ઈન્સાન છે અને તે જ્યારે આપની જગાએ ઉભા થશે તો કિરાઅત નહીં સંભળાવી શકશે એટલા માટે હુઝૂર હઝરત ઉમર رضی اللہ عنہને હુકમ ફર્માવી આપે. તો હઝરત હફ્સાએ હુઝૂરને આ વાત અર્ઝ કરી. તો હુઝૂરે ફર્માવ્યું, તમે લોકો (પોતાની વાત પર આગ્રહ કરવામાં) હઝરત યૂસુફ علیہ السلامના જમાનાની સ્ત્રીઓની જેમ છો. અબૂબક્રને કહો કે તે લોકોની ઈમામત કરે.

હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ે નમાઝ શરૂ કરી અને આ બાજુ રસૂલુલ્લાહ ﷺએ પોતાની તબીઅતમાં રાહત મહેસૂસ કરી તો આપ બે માણસોના સહારે ચાલીને મસ્જિદમાં તશરીફ લાવ્યા. ચાલવાની હાલત એ હતી કે પગ મુબારકથી જમીન પર લીટીઓ પડી રહી હતી. હઝરત આઈશા ફર્માવે છે કે જ્યારે હુઝૂર મસ્જિદમાં તશરીફ લાવ્યા અને અબૂબક્રએ આપની આહટ સાંભળી તો પાછળ હટવા લાગ્યા, તો રસૂલુલ્લાહ ﷺએ તેમને ઈશારો કર્યો કે પોતાની જગા પર કાયમ રહો. પછી રસૂલુલ્લાહ ﷺ હઝરત અબૂબક્રની ડાબી તરફ આવીને બેસી ગયા. હવે રસૂલુલ્લાહ ﷺ બેસીને લોકોને નમાઝ પઢાવવા લાગ્યા. અને હઝરત અબૂબક્ર ઉભા રહ્યા. હઝરત અબૂબક્ર નબી કરીમ ﷺની ઈક઼્તેદા કરી રહ્યા હતા અને સહાબા હઝરત અબૂબક્ર સિદ્દીક઼ની ઈક઼્તેદા કરી રહ્યા હતા. *(સહીહ મુસ્લિમ, ૧/૧૭૮, ૧૭૯, મજલિસે બરકાત)*

એક રિવાયતમાં "હઝરત અબૂબક્રની ઈક઼્તેદા"ની તાબીર આ પ્રમાણે છે :

وَكَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يُصَلِّي بِالنَّاسِ وَأَبُو بَكْرٍ يُسْمِعُهُمُ التَّكْبِيرَ۔

"નબી કરીમ ﷺ લોકોને નમાઝ પઢાવી રહ્યા હતા અને હઝરત અબૂબક્ર બુલંદ અવાજથી તકબીર કહેતા હતા. (એટલે હુઝૂર ઈમામ હતા અને એ મુબલ્લિગ).

હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہને નમાઝમાં સરકાર ﷺના આગમનની આહટ (ભણક, પગરવ) મળી અને આપ પોતાની જગાએથી હટવા લાગ્યા, જેથી સરકાર આગળ વધીને ઈમામત કરે.

આ છે નમાઝમાં રસૂલુલ્લાહ ﷺની તા'ઝીમના જઝબાનો ઉમંગ ! કે સરકાર ﷺથી આગળ રહેવું માન્ય ન રહ્યું અને જ્યારે સરકાર ﷺ બાજુમાં આવ્યા તો દિલને ઠંડક થઈ ગઈ.

**આઠમી શહાદત :-**

عَنْ ابْنِ شِهَابٍ قَالَ: أَخْبَرَنِي أَنَسُ بْنُ مَالِكٍ، أَنَّ أَبَابَكْرٍ يُصَلِّي لَهُمْ فِي وَجَعِ رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ الَّذِي تُوُفِّيَ فِيهِ، حَتَّى إِذَا كَانَ يَوْمُ الاثْنَيْنِ وَهُمْ صُفُوفٌ فِي الصَّلَاةِ كَشَفَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ سِتْرَ الحُجْرَةِ فَنَظَرَ إِلَيْنَا وَهُوَ قَائِمٌ كَأَنَّ وَجْهَهُ وَرَقَةُ مُصْحَفٍ، ثُمَّ تَبَسَّمَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ ضَاحِكًا، قَالَ: فَبُهِتْنَا وَنَحْنُ فِي الصَّلَاةِ مِنْ فَرَحٍ بِخُرُوجِ النَّبِيِّ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ، وَنَكَصَ أَبُو بَكْرٍ عَلَى عَقِبَيْهِ لِيَصِلَ الصَّفَّ، وَظَنَّ أَنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ خَارِجٌ لِلصَّلَاةِ، فَأَشَارَ إِلَيْهِمْ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ بِيَدِهِ: أَنْ أَتِمُّوا صَلَاتَكُمْ۔

قَالَ: ثُمَّ دَخَلَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ، فَأَرْخَى السِّتْرَ، قَالَ: فَتُوُفِّيَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالَى عَلَيْهِ وَسَلَّمَ مِنْ يَوْمِهِ ذَلِكَ۔

ઈબ્ને શિહાબ ઝહરી કહે છે કે હઝરત અનસ બિન માલિકે મને બતાવ્યું કે હુઝૂર ﷺના વિસાલ વેળાની બીમારીમાં હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہ સહાબાની ઈમામત કરતા હતા. ત્યાં સુધી કે સોમવારના દિવસે જ્યારે લોકો સફ બાંધી નમાઝ પઢી રહ્યા હતા ત્યારે રસૂલુલ્લાહ ﷺએ હુજરાનો પર્દો

હટાવ્યો અને ઉભા રહીને જોવા લાગ્યા. તે વખતે આપનો ચહેરો મુબારક મુસ્હફે કુર્આનના વરક જેવો લાગતો હતો પછી હુઝૂર ﷺ કાંઈક હસવાના અંદાઝમાં સ્મિત કરવા લાગ્યા.

હઝરત અનસ ફર્માવે છે કે પછી તો અમે લોકો નબી કરીમ ﷺના બહાર ઝાંકવા અને આપના દીદારની ખુશીમાં નમાઝની હાલતમાં જ બેખૂદ થવા લાગ્યા અને હઝરત અબૂબક્ર સિદ્દીક઼ પોતાની એડીઓના વડે પાછળ પલટવા લાગ્યા કે જેથી સફમાં આવી જાય તો રસૂલુલ્લાહ ﷺએ પોતાના હાથના ઈશારાથી સૌને હુકમ આપ્યો કે પોતાની નમાઝ પૂરી કરી લો. હઝરત અનસનું બયાન છે કે પછી રસૂલુલ્લાહ ﷺ હુજરામાં ચાલ્યા ગયા અને પર્દો પાડી દીધો અને એ જ દિવસે આપ રફીકે઼ આ'લાથી જઈને મળ્યા.

*(સહીહ મુસ્લિમ, ૧/૧૭૯, કિતાબુસ્સલાત, .........મજલિસે બરકાત)*

આ મુબારક હદીષોથી સાબિત થાય છે કે નબી કરીમ ﷺના એહતેરામ (તાઝીમ, સન્માન)માં ચારવાર બે સહાબાએ કિરામનો ઈમામતથી હટવાનો બનાવ ઉપસ્થિત થયો.

❐ એકવાર હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ رضی اللہ عنہએ ઈમામતથી હટવા ચાહ્યું પણ સરકારના હુકમ પર ઈમામત ચાલુ રાખી.

❐ અને ત્રણવાર હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ અદબ તથા એહતેરામનું આ જ પ્રદર્શન કર્યું. અને છેલ્લી વખતે તેમણે પણ રસૂલુલ્લાહ ﷺના હુકમ પર ઈમામત ચાલુ રાખી.

એનું કારણ એ બન્યું કે સરકાર ﷺ સફમાં આવ્યા જ નહીં, બલ્કે હુજરાથી જ બહાર ન નીકળ્યા. હુઝૂર હુજરાથી બહાર નીકળીને સફમાં તશરીફ લાવતા તો આપની ઈમામતથી શરફયાબ થવાના માટે તે પાછળ જરૂર આવતા.

## ★ સરકાર ﷺનું હઝરત અબ્દુર્રહમાનના બનવામાં મુક઼તદી તરીકે નમાઝ પઢવાનું કારણ ★

હઝરત અબ્દુર્રહમાન બિન ઔફના બનાવમાં સરકાર ﷺ ઈમામતના માટે આગળ ન વધ્યા અને મુક઼તદીની હૈસિયતથી નમાઝ પઢવાને અગ્રતા આપી,

કેમ કે એ બનાવમાં હુઝૂર મસ્બૂક હતા, તેમની એક રકાત છૂટી ગઈ હતી. ઈમામ હોવાની સ્થિતિમાં પણ સરકાર સલામ ફેરવ્યા બાદ તે છૂટેલી રકાત પઢવા માટે ઉભા થતા તો સહાબાએ કિરામ પણ ઉભા થઈ જતા. કેમ કે એ હઝરાત નમાઝમાં હુઝૂરને જેવું કરતાં જોતા હતા એવું જ કરતા હતા. અને તેમને હુઝૂર ﷺની તરફથી એની હિદાયત પણ હતી. આ સ્થિતિમાં સહાબાની ફજરની નમાઝ ત્રણ રકાત થઈ જાત. આ ખરાબીથી હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ પણ માહિતગાર હતા એટલા માટે સરકાર ﷺના ઈશારા પર તેમણે ઈમામત ચાલુ રાખી અને પાછા ન હટયા.

તદ્ઉપરાંત સરકાર ﷺનો મન્સબ (સ્થાન) શરીફ શરીઅતનું બયાન પણ છે, જેથી આપે પોતાના અમલથી મસ્બૂકનો શરઈ હુકમ વર્ણવી આપ્યો જેથી આપની ઉમ્મતના હક્કમાં હમેશાં માટે એ સુન્નતે નબવી બની જાય અને હદીષે પાક : صَلُّوا كَمَا رَأَيْتُمُونِي أُصَلِّي "તમે લોકો જેવો મને નમાઝ પઢતા જુઓ છો એ જ રીતે નમાઝ પઢો." (સહીહ બુખારી, ૧/૮૮.... મજલિસે બરકાત)ના લાગુ થવામાં મસ્બૂકનો શરઈ હુકમ પણ સામેલ થઈ જાય.

❒ ચારેવ વખત બંનેવ જલીલુલકદર (મહાન શાનવાળા) સહાબાએ કિરામ હુઝૂરની ઈમામતથી શરફયાબ થવા માટે ઈમામતની જગાએથી હટવા લાગ્યા, અને બે વાર તો હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ ઈમામતથી નીકળી જઈને સરકાર ﷺની ઈકતેદામાં નમાઝ પણ અદા કરી, એવું શાથી થયું ?

શું ખાસ એ ઈમામોના માટે કિતાબ તથા સુન્નતે કોઈ ફર્માન બહાર પાડયું હતું કે તેઓ હુઝૂરના આગમન પર ઈમામતથી હટી જાય ? અથવા એ હઝરાતને કોઈ હદષ (વુઝૂની હાજત) લાગુ પડી ગયો હતો જેના લીધે ઈમામતની જગાએથી હટવું અનિવાર્ય હતું ? અને શું તેઓ કોઈ શરઈ ઈજાઝતના કારણે હુઝૂરને (ઈમામતમાં) પોતાના ખલીફા બનાવવા ચાહતા હતા ?

હકીકત એ છે કે એવું કાંઈ જ ન હતું. અને હક્ક એ છે કે એ હઝરાતનું ઈમામતની જગાએથી હટવું અને બે વાર ઈમામત હોવા છતાં હુઝૂરની ઈકતેદા

કરવું કેવળ અને કેવળ હુઝૂર સૈયદે કાઈનાત ફખ્રે મૌજૂદાત ﷺની તા'ઝીમ તથા તૌકીરના માટે હતું. તેમની સામે કુર્આને મુક઼દ્દસનું આ ફર્માન હતું : وَتُعَزِّرُوْهُ وَتُوَقِّرُوْهُ "અને રસૂલની તા'ઝીમ તથા તૌક઼ીર કરો." *(સૂરએ ફતહ, ૪૮/૯)* જે તેના લાગુ થવાના હિસાબે નમાઝ તથા નમાઝ બહાર બંને માટે આમ હતું.

તેમની સમક્ષ રબનો ઈર્શાદ : لَا تُقَدِّمُوْا بَيْنَ يَدَيِ اللّٰهِ وَرَسُوْلِهٖ પણ હતો જેમાં મો'મિનોને દરબારે રિસાલતનો એ અદબ બતાવવામાં આવ્યો છે કે, "અલ્લાહ અને તેના રસૂલની આગળ ન વધો." *(સૂરએ હુજુરાત, ૧/૪૯)*

આ વાત હુઝૂર ﷺ અને હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضي الله عنهના આ સવાલો જવાબથી ખૂબ જ સ્પષ્ટ તથા રોશન થઈ જાય છે :–

فَقَالَ: يَا أَبَا بَكْرٍ مَا مَنَعَكَ أَنْ تَثْبُتَ إِذْ أَمَرْتُكَ ؟

قَالَ أَبُو بَكْرٍ: مَا كَانَ لِابْنِ أَبِي قُحَافَةَ أَنْ يُصَلِّيَ بَيْنَ يَدَيْ رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ.

"હુઝૂર સૈયદે આલમ ﷺએ પૂછયું, હે અબૂબક્ર ! જ્યારે મેં તમને ઈમામત ચાલુ રાખવાનો હુકમ આપી દીધો હતો તો તમને ઈમામત કરવાથી કઈ ચીજે રોકી દીધા ?

હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضي الله عنهએ અર્ઝ કરી, "હુઝૂર ! અબૂ કહાફાના પુત્રની એ મજાલ નથી કે રસૂલુલ્લાહ ﷺથી આગળ રહીને ઈમામત કરે !"

*(સહીહ મુસ્લિમ, ૧/૧૭૯)*

હઝરત સિદ્દીક઼ે અકબર رضي الله عنهનો આ જવાબ ખૂબ જ સ્પષ્ટપણે દલીલ પૂરી પાડે છે કે એ ફર્માને ખુદાવંદી لَا تُقَدِّمُوْا بَيْنَ يَدَيِ اللّٰهِ وَرَسُوْلِهٖ (અલ્લાહ વ રસૂલની આગળ ન વધો. –*સૂરએ હુજુરાત, ૪૯/૧*)ને લક્ષમાં રાખીને તા'ઝીમે નબીનો શાનદાર નમૂનો પેશ કરી રહ્યા હતા કે **આ આયત નમાઝ તથા નમાઝ બહાર દરેક હાલતમાં રસૂલુલ્લાહ ﷺના અદબ તથા એહતેરામ અને તા'ઝીમ તથા તૌક઼ીરનો હુકમ આપે છે.**

**વિચાર કરો કે :–**

- ❐ સહાબીઓ નમાઝમાં તા'ઝીમે નબીને પ્રદર્શિત કરી રહ્યા છે.
- ❐ મુક઼તદી સહાબા હાથો પર હાથ મારીને એ જ તા'ઝીમે નબીના માટે પોતાના

ઈમામને સાવચેત કરી રહ્યા છે.

❒ અને રસૂલુલ્લાહ ﷺ સર્વ કાંઈ જોઈને મના કરવાને બદલે યથાવત રાખી રહ્યા છે.

❒ ત્યાં સુધી કે કુર્આન મુક્દસ અલલ ઈત્લાક્ એનો હુકમ આપી રહ્યું છે.

એટલા માટે આપણે અહલે હક્ક્ એહલે સુન્નત વ જમાઅત નમાઝની હાલતમાં પણ એ રીતની તા'ઝીમે રસૂલના માનનાર છીએ, પણ ઈમામુલ વહાબિયા (ઈસ્માઈલ દહેલ્વી)ની શરીઅત એ સૌની વિરુદ્ધ એવું ફર્માન જારી કરે છે કે, "નમાઝમાં ગૈરુલ્લાહની તા'ઝીમ શિર્કની તરફ ખેંચી જાય છે." (શું શિર્કની તા'લીમથી સહાબા અજ્ઞાન હતા કે નમાઝમાં રસૂલનો ખયાલ જ નહીં પણ રસૂલ ﷺની તા'ઝીમ પણ કરી રહ્યા છે ?! આ વહાબી પેશવા તો તક્વિયતુલ ઈમાનમાં રસૂલની તા'ઝીમ "મોટાભાઈ જેટલી" તથા "ગામના ચૌધરી" જેટલી કરવાનું પણ લખી ચૂકયા છે. **તો શું આપણે સહાબી જેવું ઈમાન લાવવાનું છે કે વહાબી જેવું ?** જાતે જ ફેંસલો કરો. *–અનુવાદક*)

**નવમી શહાદત :**

عَنْ أَبِي وَائِلٍ عَنْ عَبْدِ اللّٰهِ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ : صَلَّيْتُ مَعَ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لَيْلَةً، فَلَمْ يَزَلْ قَائِمًا حَتَّى هَمَمْتُ بِأَمْرِ سَوْءٍ، قُلْنَا: وَمَا هَمَمْتَ ؟ قَالَ: هَمَمْتُ أَنْ أَقْعُدَ وَأَذَرَ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ۔

હઝરત અબૂ વાઈલથી રિવાયત છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہએ બયાન કર્યું કે મેં એક રાતે નબી કરીમ ﷺની સાથે તહજ્જુદની નમાઝ પઢી તો સરકાર ﷺ સતત ક્યામને લાંબો ને લાંબો કરતા રહ્યા, ત્યાં સુધી કે મેં એક "બુરી વાત"નો ઈરાદો કરી લીધો. અમે પૂછયું કે આપે શો ઈરાદો કરી લીધો હતો ? તો તેમણે ફર્માવ્યું કે મેં એ ઈરાદો કરી લીધો હતો કે, "બેસીને નમાઝ પઢું અને નબી કરીમ ﷺને ક્યામની હાલતમાં રહેવા દઉં."

*(સહીહ બુખારી, ૧/૧૫૨, કિતાબુત્તહજ્જુદ, મજલિસે બરકાત, મુબારકપુર)*

નફ્લ નમાઝ તો ઉભા રહેવા શક્તિમાન હોવા છતાં પણ બેસીને પઢવી જાઈઝ છે, બલ્કે અજરો સવાબનો સબબ છે, છતાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને

મસ્ઊદે બેસીને નમાઝ પઢવાનો ઈરાદાને "બુરો ઈરાદો" શા માટે કહ્યો ? તેનું કારણ તેમના જ ફર્માનથી જાહેર છે કે, "હુઝૂર ઉભા હોય અને હું બેસી જઉં"એ બારગાહે રિસાલતની બેઅદબી છે.

ઈમામ અબૂ ઝકરિયા શાફઈ નવવી લખે છે :–

واتّفق العلماء على أنّه إذا شقّ على المقتدي في فريضة أو نافلة القيام ونجز عنه، جاز له القعود، وإنما لم يقعد ابن مسعود لِلتَّأدُّب مع النبي ﷺ۔

"એ બાબત પર ઉલમાની એકમતી છે કે ફર્ઝ અથવા નફ્લ નમાઝમાં જ્યારે મુક્તદીએ ઉભા રહેવું કઠિન હોય અને તે ઉભા રહેવાથી લાચાર બની જાય તો તેના માટે બેસીને નમાઝ પઢવી જાઈઝ છે અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ તો કેવળ નબી કરીમ ﷺના અદબ તથા એહતેરામના કારણે નથી બેઠા."

*(અલ્ મિન્હાજ શરહે સહીહ મુસ્લિમ, ૧/૨૬૪, ................મજલિસે બરકાત)*

આનાથી જાણવા મળ્યું કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ નમાઝમાં કયામ માટે ખૂબ જ તકલીફ પડતી હોવા છતાં કેવળ હુઝૂર ﷺના અદબો એહતેરામમાં ઉભા રહીને નમાઝ પઢતા રહ્યા. તો અહીં પણ ચાલુ નમાઝમાં રસૂલુલ્લાહ ﷺની તા'ઝીમનો ઈરાદો તથા તેનું અમલી પ્રદર્શન છે. આ છે રબ તઆલાના ઈર્શાદ પર અમલના ઈશ્કનો જઝબો ! ખુદા કરે આપણો વિરોધી પણ રસૂલુલ્લાહ ﷺની આ તા'ઝીમને માનનાર થઈ જાય.

**દસમી શહાદત :–**

عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللهُ عَنْهُمَا، قَالَ : أَتَيْتُ النَّبِيَّ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ يُصَلِّي مِنْ آخِرِ اللَّيْلِ، فَقُمْتُ وَرَاءَهُ، فَأَخَذَنِي، فَأَقَامَنِي حِذَاءَهُ، فَلَمَّا أَقْبَلَ عَلَى صَلَاتِهِ انْخَنَسْتُ، فَلَمَّا انْصَرَفَ قَالَ : مَا لَكَ، أَجْعَلُكَ حِذَائِي فَتَخْنِسُ ؟ قُلْتُ : مَا يَنْبَغِي لِأَحَدٍ أَنْ يُصَلِّيَ حِذَاءَكَ وَأَنْتَ رَسُولُ اللهِ، فَأَعْجَبَهُ فَدَعَا اللهَ أَنْ يَزِيدَنِي فَهْمًا وَعِلْمًا " وفقها۔"

هَذَا حَدِيثٌ صَحِيحٌ عَلَى شَرْطِ الشَّيْخَيْنِ، وَلَمْ يُخَرِّجَاهُ۔

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે હું નબી કરીમ ﷺની ખિદમતમાં રાતના આખરી હિસ્સામાં આવ્યો. જ્યારે આપ નમાઝ પઢી રહ્યા હતા તો હું હુઝૂરની પાછળ ઉભો થઈ ગયો. હુઝૂર ﷺએ મને પકડીને પોતાના બરાબર (જમણી બાજુ) ઉભો કરી આપ્યો. પછી હુઝૂર નમાઝ પઢવા લાગ્યા તો હું પાછળ હટી આવ્યો. જ્યારે આપ નમાઝથી ફારિગ થયા તો પૂછયું કે શું વાત છે કે મેં તમને બરાબર ઉભા કર્યા છતાં તમે પાછળ હટી ગયા ?

મેં અર્ઝ કરી, "હુઝૂર ! કોઈના માટે યોગ્ય નથી કે આપના બરાબર (ઉભો રહીને) નમાઝ પઢે, જ્યારે કે આપ અલ્લાહના રસૂલ છો." હુઝૂરને એ જવાબ પસંદ આવ્યો અને અલ્લાહ તઆલાથી દુઆ કરી કે તે મને દીનની સમજ અને ફિક્હનો ઈલ્મ અધિક અતા કરી દે." આ હદીષ શૈખેનની શર્ત પર સહીહ છે. હા ! એ હઝરાતે એની તખરીજ નથી કરી.

*(અલ મુસ્તદરક અલસ્સહીહૈન, ૩/૫૩૪, કિતાબ મઅરિફતુસ્સહાબા, દુઆઉન્નબી લિઈબ્નિ અબ્બાસ, મજલિસે દાઈરતુલ મઆરિફ, હૈદ્રાબાદ)*

ઈમામ ઝહબી رحمۃ اللہ علیہએ પણ આ હદીષ નક્લ કરીને "خ, م" લખીને તેને શયખૈનની શર્ત પર કરી સ્વીકારી અત્તલ્લખીસ લિલ્ઈમામ ઝહબી અલ્મત્બૂઅ મઅ મુસ્તદરક, ૩/૫૩૪)

મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલમાં હઝરત ઈબ્ને અબ્બાસના જવાબના શબ્દો આ પ્રમાણે છે :–

فَقُلْتُ: يَا رَسُوْلَ اللهِ ! أَوَ يَنْبَغِي لِأَحَدٍ أَنْ يُصَلِّي حِذَاءَكَ وَأَنْتَ رَسُوْلُ اللهِ۔

"મેં અર્ઝ કરી યા રસૂલલ્લાહ ! શું કોઈના માટે એ યોગ્ય છે કે આપના બરાબરમાં નમાઝ પઢે જ્યારે કે આપ અલ્લાહના રસૂલ છો ?"

*(મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ, પેજ–૨૭૨, મુસ્નદે આલે અબ્બાસ, મુસ્નદે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, હદીષ નં. ૩૦૬૧, બયતુલ ઈફકારુ દવલિયહ)*

હાફિઝ નૂરુદ્દીન અલી બિન અબૂ બકર હૈષમી (વફાત, હિ. ૮૦૭) આ હદીષને નકલ કરીને ફર્માવે છે : رواہ أحمد ورجالہ رجال الصحیح۔ "આ હદીષને ઈમામ અહમદે નકલ કરી અને તેના રિજાલ સહીહના રિજાલ છે." *(મજમઉઝ્ ઝવાઈદ વ મમ્બઉલ ફવાઈદ, ૯/૪૬૨, કિતાબુલ મનાક્બિ...............હ. ૧૫૫૨૬, દારુલ ફિક્ર, બૈરૂત)*

વહાબીઓના ઈમામ અલ્બાનીએ પણ આ હદીષ નકલ કરીને એ સ્વીકાર કર્યો કે :–

قلتُ: وهذا إسناد صحيح على شرط الشيخين وقد أخرجه الضياء في المختارة، من طريق الإمام أحمد۔

''હું કહું છું કે આ અસ્નાદ શયખૈનની શર્ત પર સહીહ છે અને તેને અઝ્ઝિયાએ પણ 'અલ્મુખ્તાર''માં ઈમામ અહમદના તરીક઼ાથી રિવાયત કરી.''

*(સિલસિલતુલ સહીહા, ૨/૧૦૫, મકતબતુશ્શામિલા)*

હુઝૂર સૈયદે આલમ ﷺ પણ નમાઝમાં હતા અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما પણ અને એ બરાબર નમાઝની હાલતમાં રસૂલુલ્લાહ ﷺની તા'ઝીમ તથા તૌક઼ીર માટે પાછળ હટી ગયા અને તેમની આ તા'ઝીમ પર સરકાર عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء એ ખુશ થઈને તેમના હક્ક઼માં ફિક઼્હ તથા ઈલ્મથી સરફરાઝીની (ઈજ્જત પામવાની) દુઆ કરી, અને ખુદાએ કરીમે એને ક઼બૂલ પણ કરી લીધી.

## બીજા પ્રકારની દલીલો

### ★ નમાઝ બહાર તા'ઝીમે રસૂલના અજોડ નમૂના ★

નમાઝ સિવાય અન્ય હાલતોમાં પણ સરકારે દો આલમ ﷺની તા'ઝીમ સામાન્ય લોકો તેમજ માનને પાત્ર હસ્તીઓ દા.ત. ઉસ્તાદ, પીર, મા બાપ, મોટા ભાઈ વગેરે કરતાં અધિક હોવી જોઈએ. એની દલીલો (નુસૂસ) તથા સાક્ષીઓ ખૂબ જ અધિક પ્રમાણમાં છે, પણ અમે અહીં અમુકના વર્ણનથી સંતોષ લઈશું : પ્રથમ પ્રકારની સર્વ દલીલો પણ આ પ્રકારની દલીલો છે. એના સિવાય કેટલીક હદીષની દલીલો આ મુજબ છે :–

### ★ તા'ઝીમે રસૂલનો પ્રથમ નમૂનો જે વિવિધ નમૂનાઓનો સમૂહ છે ★

عَنِ الْمِسْوَرِ بْنِ مَخْرَمَةَ وَمَرْوَانَ (يُخْبِرَانِ عَنْ أَصْحَابِ رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ

وَسَلَّمَ ) ... خَرَجَ رَسُولُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ زَمَنَ الْحُدَيْبِيَةِ.... حَتَّى نَزَلَ بِأَقْصَى الْحُدَيْبِيَةِ عَلَى ثَمَدٍ قَلِيلِ الْمَاءِ ... ثُمَّ إِنَّ عُرْوَةَ جَعَلَ يَرْمُقُ أَصْحَابَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ- بِعَيْنَيْهِ قَالَ: فَوَاللَّهِ مَا تَنَخَّمَ رَسُولُ اللهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ- نُخَامَةً إِلا وَقَعَتْ فِي كَفِّ رَجُلٍ مِنْهُمْ فَدَلَكَ بِهَا وَجْهَهُ وَجِلْدَهُ ، وَإِذَا أَمَرَهُمُ ابْتَدَرُوا أَمْرَهُ ، وَإِذَا تَوَضَّأَ كَادُوا يَقْتَتِلُونَ عَلَى وَضُوئِهِ، وَإِذَا تَكَلَّمَ خَفَضُوا أَصْوَاتَهُمْ عِنْدَهُ وَمَا يُحِدُّونَ إِلَيْهِ النَّظَرَ تَعْظِيمًا لَهُ۔

فَرَجَعَ عُرْوَةُ إِلَى أَصْحَابِهِ فَقَالَ: أَيْ قَوْمِ ، وَاللَّهِ لَقَدْ وَفَدْتُ عَلَى الْمُلُوكِ وَوَفَدْتُ عَلَى قَيْصَرَ وَكِسْرَى وَالنَّجَاشِيِّ. وَاللَّهِ إِنْ رَأَيْتُ مَلِكًا قَطُّ يُعَظِّمُهُ أَصْحَابُهُ مَا يُعَظِّمُ أَصْحَابُ مُحَمَّدٍ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ- مُحَمَّدًا وَاللَّهِ إِنْ تَنَخَّمَ نُخَامَةً إِلَّا وَقَعَتْ فِي كَفِّ رَجُلٍ مِنْهُمْ فَدَلَكَ بِهَا وَجْهَهُ وَجِلْدَهُ ، وَإِذَا أَمَرَهُمُ ابْتَدَرُوا أَمْرَهُ ، وَإِذَا تَوَضَّأَ كَادُوا يَقْتَتِلُونَ عَلَى وَضُوئِهِ ، وَإِذَا تَكَلَّمَ خَفَضُوا أَصْوَاتَهُمْ عِنْدَهُ وَمَا يُحِدُّونَ إِلَيْهِ النَّظَرَ تَعْظِيمًا لَهُ۔

**(૧૦)** હઝરત મિસ્વર ઈબ્ને મખ્રમા અને મરવાનનું બયાન છે (કે રસૂલુલ્લાહ ﷺના સહાબા વર્ણન કરે છે) .............. રસૂલુલ્લાહ ﷺ હુદૈબિયાના જમાનામાં (ઝી કઅદા, હિ.સ. ૬)માં મદીના મુનવ્વરાથી રવાના થયા અને હુદૈબિયાના કિનારે એક કૂવા પાસે જેમાં પાણી થોડુ હતું રોકાયા. ઉરવા બિન મસ્ઊદ ષકફી (જે કુરૈશના કાફિરોના પ્રતિનિધિની હૈસિયતથી બારગાહે રિસાલતમાં હાજર થયો હતો) નબી કરીમ علیہ الصلوٰۃ والسلامના સહાબીઓને જોવા લાગ્યો. તે કહે છે કે :–

- ❑ અલ્લાહની કસમ ! રસૂલુલ્લાહ ﷺ જ્યારે પણ ખંખાર થૂકે છે તે કોઈને કોઈ સહાબીની હથેળીમાં આવે છે જેને તે પોતાના ચહેરા તથા શરીર પર મસળી લે છે.
- ❑ અને જ્યારે આપ તેમને કોઈ હુકમ આપે છે તો તેઓ તેના પાલન માટે ઝપટી પડે છે.

- અને જ્યારે આપ વુઝૂ કરે છે તો સર્વે સૌ આપનુ ધોવાણ એ રીતે લૂટવા લાગે છે જાણે કે આપસમાં જંગ કરી લેશે.
- અને જ્યારે આપ વાત કરે છે તો સહાબા આપની સમક્ષ પોતાના અવાજો ધીમા કરી લે છે.
- અને આપની તા'ઝીમના કારણે આપની તરફ નજર જમાવીને નથી જોતા.
- પછી ઉરવા પોતાના સાથીઓની પાસે પરત આવ્યો અને આ રિપોર્ટ રજૂ કર્યો :

"હે મારી કૌમ ! ખુદાની કસમ ! હું બાદશાહોને ત્યાં સફીર (એલચી) બનીને ગયો છું અને ખાસ કરીને કૈસર તથા કિસ્રા અને નજાશી જેવા શહેનશાહોનો દરબાર પણ જોયો છે, પરંતુ ખુદાની કસમ ! મેં કદી કોઈ બાદશાહના દરબારીઓને પોતાના બાદશાહની આવી તા'ઝીમ કરતા નથી જોયા જેવી તા'ઝીમ મુહમ્મદ (ﷺ)ના સહાબાને મુહમ્મદ (ﷺ)ની તા'ઝીમ કરતા જોયા છે. અલ્લાહની કસમ ! તે ખંખાર પણ થૂકે છે તો તે (જમીન પર પડવાને બદલે) કોઈ ન કોઈ સહાબીના હાથમાં જાય છે જેને તે પોતાના ચહેરા અને શરીર પર મસળી લે છે, અને જ્યારે તે તેમને કોઈ કામનો હુકમ આપે છે તો સર્વે સૌ તેના પાલનના માટે દોડી પડે છે. અને જ્યારે તે વુઝૂ કરે છે તો સહાબીઓ ધોવણના માટે એ રીતે તૂટી પડે છે જાણે કે તેઓ આપસમાં લડી પડશે. અને જ્યારે તે વાત કરે છે તો સહાબા પોતાના અવાજો ધીમા કરી લે છે અને આપની તા'ઝીમના કારણે તેઓ આપને નજર માંડીને જોઈ નથી શકતા.

*(સહીહ બુખારી, ૧/૩૭૯, કિતાબુશ્શુરૂત, મજલિસે બરકાત)*

## ★ તા'ઝીમે રસૂલ ﷺનો બીજો નમૂનો ★

عَنْ أَبِي مُوسَى، رَضِيَ اللَّهُ عَنْهُ، قَالَ : كُنْتُ عِنْدَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ- وَهُوَ نَازِلٌ بِالْجِعْرَانَةِ بَيْنَ مَكَّةَ وَالْمَدِينَةِ وَمَعَهُ بِلالٌ فَأَتَى النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ- أَعْرَابِيٌّ فَقَالَ: أَلَا تُنْجِزُ لِي مَا وَعَدْتَنِي، فَقَالَ لَهُ: أَبْشِرْ، فَقَالَ : قَدْ أَكْثَرْتَ عَلَيَّ مِنْ أَبْشِرْ فَأَقْبَلَ

عَلَى أَبِي مُوسَى وَبِلَالٍ كَهَيْئَةِ الْغَضْبَانِ. فَقَالَ: رَدَّ الْبُشْرَى فَاقْبَلَا أَنْتُمَا. قَالَا: قَبِلْنَا ثُمَّ دَعَا بِقَدَحٍ فِيهِ مَاءٌ فَغَسَلَ يَدَيْهِ وَوَجْهَهُ فِيهِ وَمَجَّ فِيهِ. ثُمَّ قَالَ: اشْرَبَا مِنْهُ وَأَفْرِغَا عَلَى وُجُوهِكُمَا وَنُحُورِكُمَا وَأَبْشِرَا فَأَخَذَا الْقَدَحَ فَفَعَلَا فَنَادَتْ أُمُّ سَلَمَةَ مِنْ وَرَاءِ السِّتْرِ أَنْ أَفْضِلَا لِأُمِّكُمَا فَأَفْضَلَا لَهَا مِنْهُ طَائِفَةً.

**(૧૧)** હઝરત અબૂ મૂસા અશ્અરી વર્ણવે છે કે હું નબી કરીમ علیہ الصلوٰۃ والسلام ની બારગાહમાં હાજર હતો અને આપ મક્કા મોઅઝ્ઝમા અને મદીના મુનવ્વરાની વચ્ચે જિઈર્રાના સ્થળે રોકાયેલા હતા. હઝરત બિલાલ આપની સાથે હતા. ..........હુઝૂરે અમારા બંનેની તરફ ચહેરો કરીને ફર્માવ્યું કે આ ગામડાવાસીએ અમારી બશારત ઠુકરાવી દીધી, તમે લોકો કબૂલ કરી લો. અમે બંનેવે અર્ઝ કરી, હુઝૂર ! અમે કબૂલ કરી લીધી.

પછી સરકારે પાણીનો એક પ્યાલો મંગાવ્યો અને તેમાં પોતાના બંને હાથ તથા ચહેરાને ધોયો અને તેમાં કોગળો કર્યો પછી ફર્માવ્યું કે બંનેવ આ પાણી પી લો, અને તમારા ચહેરા તથા છાતી પર નાખી દો અને બશારત કબૂલ કરો. તો બંનેવે પ્યાલો લીધો અને થોડુક પાણી પીધું અને કેટલુક પોતાના શરીર પર ચોપડવા લાગ્યા. એટલામાં હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا એ પર્દાની આડથી ફર્માવ્યું કે, "થોડુક પાણી તમારાં માના માટે બચાવી લેજો." તો બંનેવે થોડુક પાણી ઉમ્મુલ મો'મિનીનના માટે પણ બચાવી લીધું.

આ હદીષે પાકથી જાહેર થાય છે કે હુઝૂર સૈયદે આલમ ﷺ નું ધોવાણ ઉમ્મતના માટે ઘણી બરકતવાળી ચીજ છે એટલા માટે આપે હઝરત અબૂ મૂસા અશ્અરી તથા હઝરત બિલાલને પી લેવાનો તેમજ ચહેરા તથા શરીર પર નાખવાનો હુકમ આપ્યો. અને એ જ કારણે ઉમ્મુલ મો'મિનીન ઉમ્મે સલમા رضی اللہ عنہا એ એ હઝરાતને પોતાના માટે પણ થોડુક વધારવા કહ્યું અને સરકાર ﷺ એ એના પર બશારત પણ આપી. આ નબીના ધોવાણની મહાન તા'ઝીમ છે જેનો હુકમ ખુદ સૈયદુર્રસુલ ﷺ એ આપ્યો.

## ★ તા'ઝીમે રસૂલ ﷺનો ત્રીજો નમૂનો ★

عَنِ السَّائِبِ بْنِ يَزِيدَ ، قَالَ: كُنْتُ قَائِمًا فِي الْمَسْجِدِ فَحَصَبَنِي رَجُلٌ، فَنَظَرْتُ فَإِذَا عُمَرُ بْنُ الْخَطَّابِ، فَقَالَ: اذْهَبْ فَأْتِنِي بِهَذَيْنِ، فَجِئْتُهُ بِهِمَا، قَالَ: مَنْ أَنْتُمَا أَوْ مِنْ أَيْنَ أَنْتُمَا ؟ قَالاَ : مِنْ أَهْلِ الطَّائِفِ، قَالَ: ''لَوْ كُنْتُمَا مِنْ أَهْلِ الْبَلَدِ لأَوْجَعْتُكُمَا، تَرْفَعَانِ أَصْوَاتَكُمَا فِي مَسْجِدِ رَسُولِ اللَّهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ''۔

**(૧૨)** હઝરત સાઈબ બિન યઝીદ વર્ણવે છે કે હું ''મસ્જિદે નબવી શરીફ''માં ઉભો હતો તેવામાં કોઈ શખ્સે મારા પર કાંકરી ફેંકી. મેં જોયું તો તે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ હતા. તેમણે ફર્માવ્યું કે, જાવ ! અને તે બંનેવને મારી પાસે હાજર કરો ! મેં તેમને હાજર કરી આપ્યા. તો આપે પૂછયું કે તમે લોકો કોણ છો ? અથવા કયાંથી આવ્યા છો ? તેમણે જણાવ્યું કે તેઓ ''તાઈફ''ના રહેવાસી છે. તો હઝરત ઉમરે ફર્માવ્યું કે જો તમે લોકો આ શહેર (મદીના મુનવ્વરા)ના હોત તો તમને સજા આપત ! (કે અહીંના લોકો મસ્જિદે નબવીના આદાબથી વાકેફ છે) તમે લોકો રસૂલુલ્લાહ ﷺની મસ્જિદમાં તમારા અવાજો ઊંચા કરો છો !

*(સહીહ બુખારી, ૧/૬૭, કિતાબુસ્સલાત, ..........મજલિસે બરકાત, મુબારક)*

મસ્જિદોની નિસ્બત અલ્લાહ ﷻની તરફ છે : إِنَّ الْمَسَاجِدَ لِلّٰهِ એટલા માટે ફુકહાએ કિરામ (ફકીહો) આમ મસ્જિદોનો એ અદબ વર્ણવે છે કે તેમાં અવાજ મોટો કરવામાં ન આવે. અને ''મસ્જિદે નબવી શરીફ''ને ખાસ રસૂલુલ્લાહ ﷺથી પણ નિસ્બત છે, જેનો તકાઝો એ છે કે તેની તા'ઝીમ કરવામાં આવે અને સદંતર ત્યાં અવાજ ઊંચો કરવામાં ન આવે. હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ બંનેને તતડાવ્યા. અને જે કારણ વર્ણવ્યું તેનો તકાઝો એ જ છે. તેમણે : تَرْفَعَانِ أَصْوَاتَكُمَا فِي مَسْجِدِ رَسُولِ اللّٰهِ صَلَّى الله عَلَيْهِ وَسَلَّم (તમે લોકો રસૂલુલ્લાહ ﷺની મસ્જિદમાં તમારા અવાજો ઊંચા કરો છો ?!) ફર્માવીને પયગામ આપ્યો કે અહીં અવાજ મોટો કરવા પર સજાની વાત રસૂલે ગિરામી વકાર ﷺની નિસ્બતના કારણે છે.

## ★ તા'ઝીમે રસૂલ ﷺનો ચોથો નમૂનો ★

عَنِ ابْنِ شِمَاسَةَ الْمَهْرِيِّ، قَالَ: حَضَرْنَا عَمْرَو بْنَ الْعَاصِ، وَهُوَ فِي سِيَاقَةِ الْمَوْتِ ... فَقَالَ : وَمَا كَانَ أَحَدٌ أَحَبَّ إِلَيَّ مِنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ، وَلَا أَجَلَّ فِي عَيْنِي مِنْهُ، وَمَا كُنْتُ أُطِيقُ أَنْ أَمْلَأَ عَيْنَيَّ مِنْهُ إِجْلَالًا لَهُ، وَلَوْ سُئِلْتُ أَنْ أَصِفَهُ مَا أَطَقْتُ ؛ لِأَنِّي لَمْ أَكُنْ أَمْلَأُ عَيْنَيَّ مِنْهُ، وَلَوْ مُتُّ عَلَى تِلْكَ الْحَالِ لَرَجَوْتُ أَنْ أَكُونَ مِنْ أَهْلِ الْجَنَّةِ۔

**(૧૩)** હઝરત ઈબ્ને શિમાસા મહરી رضی اللہ عنہનું બયાન છે કે હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہએ દુનિયાથી પોતાના આખેરતના સફરના સમયે ફર્માવ્યું કે, "મારી નજીક અલ્લાહના રસૂલ ﷺથી વધુ મહબૂબ અને મારી નિગાહોમાં આપની વધુ તા'ઝીમ તથા સન્માનને પાત્ર કોઈ હતું નહીં. અને હું આપની અઝમત તથા જલાલત (મહાનતાના પ્રભાવ)ના કારણે આંખ ભરીને આપનો દીદાર કરી શકતો ન હતો. જો મને આપનો હુલિયો (ચહેરા મોહરાનું વર્ણન) કરવાનું કહેવામાં આવે તો હું વર્ણન કરી શકતો નથી, કેમ કે મેં હુઝૂરને આંખો જમાવીને જોયા જ નથી. જો હું એ હાલમાં મરતો તો મને ઉમ્મીદ હતી કે હું જન્નતવાસીઓમાંથી હોત.

*(સહીહ મુસ્લિમ, ૧/૭૬, કિતાબુલ ઈમાન, .........મજલિસે બરકાત)*

## ★ તા'ઝીમે રસૂલ ﷺનો પાંચમો નમૂનો ★

عَنْ أُسَامَةَ بْنِ شَرِيكٍ ، قَالَ : أَتَيْتُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ تَعَالَىٰ وَسَلَّمَ۔ وَأَصْحَابُهُ كَأَنَّمَا عَلَى رُؤُوسِهِمُ الطَّيْرُ، فَسَلَّمْتُ، ثُمَّ قَعَدْتُ۔

قال الحاكم: هذا حديث صحيح ولم يخرجاه. وقال الذهبي فيالتلخيص: صحيح۔

**(૧૪)** હઝરત ઓસામા બિન શરીકથી રિવાયત છે. તે ફર્માવે છે કે હું નબી કરીમ ﷺની ખિદમતે અક્દસમાં હાજર થયો તો સહાબાએ કિરામ આપની બારગાહમાં એ રીતે મૌજૂદ હતા જાણે કે એમનાં માથાંઓ પર પક્ષીઓ બેઠાં હોય !

ઈમામ હાકિમ ફર્માવે છે : આ હદીષ સહીહ છે. શયખૈને એની તખરીજ (Deduction) નથી કરી અને ઈમામ ઝહબીએ પણ તલ્ખીસમાં એને સહીહ કહી. *(સુનને અબી દાઊદ, પેજ–૪૨૪, કિતાબુત્તિબ્બ, હદીષ : ૩૮૫૫, મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ, પેજ : ૧૩૪૫, મુસ્નદુલ કૌફિય્યીન, હદીષ : ૧૮૬૪૫, અલ મુસ્તદરક અલસ્સહીહૈન, ૧/૧૨૧, કિતાબુલ ઈલ્મ.....)*

એટલે કે સહાબાએ કિરામ હઝરાત رضوان اللہ تعالیٰ علیہم اجمعین બારગાહે નબુવ્વતમાં એટલા પ્રમાણમાં સુકૂન (શાંતિ)ની સાથે અદબ તથા તવાઝોઅ (આજીજીની) પ્રતિમા બનીને બેઠેલા હતા જેમ કે એમનાં માથાંઓ પર પક્ષીઓ હોય જે કાંઈ પણ હલન ચલન મહેસૂસ કરીને ઉડી જાય. આ છે આયતે કરીમા لَا تَرْفَعُوْٓا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ ની અમલી તફસીર અને નબી કરીમ ﷺની અજોડ તા'ઝીમ તથા તૌકીર (અદબ) !

## ★ તા'ઝીમે રસૂલનો છઠ્ઠો નમૂનો ★

عَنْ أَنَسٍ قَالَ: لَقَدْ رَأَيْتُ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ- وَالْحَلَّاقُ يَحْلِقُهُ وَأَطَافَ بِهِ أَصْحَابُهُ فَمَا يُرِيدُونَ أَنْ تَقَعَ شَعْرَةٌ إِلَّا فِي يَدِ رَجُلٍ-

**(૧૫)** હઝરત અનસ رضی اللہ عنہ વર્ણવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને જોયા કે હજામ આપના બાલ મૂંડી રહ્યો છે અને સહાબાએ કિરામે હુઝૂર ﷺને ઘેરી લીધેલા છે કે ક્યાંક કોઈ બાલ મુબારક જમીન પર ન પડી જાય. તેમની ખ્વાહિશ બસ એ હતી કે જે પણ બાલ મુબારક પડે તે કોઈ સહાબીના હાથમાં પડે.

*(સહીહ મુસ્લિમ, ૨/૨૫૬, કિતાબુલ ફઝાઈલ......)*

- ❐ સરકારે અબદ કરાર ﷺ પોતાના કોઈ કામના માટે હુકમ ફર્માવે તો સહાબાએ કિરામનું તેના પાલન માટે દોડી પડવું જેથી એ સઆદત તેમના ભાગ આવે, એ વિના શંકાએ આપ ﷺથી મહોબ્બત તથા તા'ઝીમના કારણે છે.
- ❐ પોતાના મહબૂબ તથા મોઅઝ્ઝમને મહોબ્બતભરી નજરે જોવું તા'ઝીમ છે, પણ એનાથી પણ આ'લા તા'ઝીમ એ છે કે મહબૂબની બેપનાહ અઝમતના કારણે તેના ચેહરા મુબારક પર નિગાહો ન જામી શકે. ઉરવા

ઈબ્ને મસઊદ ષકફીએ સહાબાએ કિરામની આ જ તા'ઝીમનો આંખો દેખ્યો બનાવ વર્ણવ્યો છે. અને સહાબીએ રસૂલ હઝરત ઉરવા ઈબ્ને આસ رضی اللہ عنہએ પોતાની કામયાબ જિંદગી જે જન્નતની કાયમી રાહતથી સરફરાઝીનો એહસાસ અપાવે, એના હાલાતમાં આ જ તા'ઝીમનો ઉલ્લેખ કર્યો છે.

મધ્યાહન સમયે જગમગી રહેલા સૂર્ય પર નજરો જામી નથી શકતી એનું કારણ એની બેપનાહ (અમાપ) ચમક છે. અને રુખે મુસ્તફા (ચહેરા મુબારક) પર મુસ્તફાના આશિકોની નજરો જમી નથી શકી એનો સબબ આપની અમાપ અઝમત (બુઝુર્ગી, મહાનતા, ઈજ્જત) છે.

صلی اللہ تعالیٰ علی خیر خلقه محمد وآله وصحبه وسلم۔

❒ સરકારે કાઈનાત ﷺ માથા મુબારકના બાલ કપાવી રહ્યા છે અને સહાબા આપની આસપાસ પરવાનાવાર (પતંગિયાંઓ માફક) એટલા માટે જમા થયેલા છે કે કોઈ મૂએ મુબારક (બાલ મુબારક) જમીન પર ન પડી જાય. તેમની દરેક શક્ય કોશિશ એ જ હતી કે જે પણ મૂએ મુબારક માથાથી અલગ થાય તે એમના હાથોનું તબર્રુક બને. એ વિના શંકાએ હુઝૂર સૈયદે આલમ ﷺથી તેમના ગાઢ લગાવ અને હદ દરજાની તા'ઝીમ તથા મહોબ્બતના કારણે હતું. એ હઝરાત મૂએ મુબારકની તા'ઝીમને પણ નબીની તા'ઝીમનો એક ભાગ માનતા હતા જેનો હુકમ કુર્આને મુકદસે આપ્યો : وَتُعَزِّرُوْهُ وَتُوَقِّرُوْهُ (અને રસૂલની તા'ઝીમ તથા તૌકીર–ઈજ્જત કરો. *(સૂરએ ફતહ, ૪૮/૯)*

❒ સામાન્ય માણસોના વુઝૂનું બચેલુ પાણી મુતબર્રક માનવામાં આવે છે પણ તેનું ધોવણ મોતબર્રક નથી સમજવામાં આવતું, બલ્કે એનાથી સામાન્યપણે સભ્યતાવાળી વ્યક્તિને ધૃણા ઉપજે છે. એનાથી ઉલ્ટુ હુઝૂર સૈયદે કાઈનાત ﷺના વુઝૂનું ધોવણ ઈશ્કો ઈર્ફાનની નિગાહમાં એટલુ મુતબર્રક તથા તા'ઝીમને પાત્ર છે કે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینને તેનું જમીન પર પડવું માન્ય ન હતું ! અને તેઓ એને હાંસલ કરવાના માટે તૂટી પડતા હતા કે કદાચ એમને થોડુક ધોવણ મયસ્સર થઈ જાય અને તેને તેઓ પોતાની નેક નસીબી સમજે.

ધોવણની આ તા'ઝીમ વિના શંકાએ સરકાર ﷺની નિસ્બતના કારણે છે અને યક઼ીનન ! અજોડ તા'ઝીમ છે.

અને એમાં પણ સૌથી વિશેષ તા'ઝીમનું ઉચ્ચ દૃષ્ટાંત સરકારે અબદ ક઼રાર ﷺના બલ્ગમ અને ખંખારની તા'ઝીમ છે કે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ને એ માન્ય ન હતું કે આપનુ બલ્ગમ જમીન પર પડે એટલા માટે એ હઝરાત એને પોતાના હાથોમાં લઈ લેતા અને તેની બરકતોથી પોતાને મુશર્રફ (ભાગ્યવાન) કરવા માટે તેને પોતાના ચહેરા તથા શરીર પર મસળી લેતા.

શું આ સાક્ષીઓ (શહાદતો)એ વાતના માટે પૂરતી નથી કે રસૂલે આ'ઝમ ﷺની તા'ઝીમ કેવળ "મોટાભાઈ"ના જેટલી ન કરવી જોઈએ બલ્કે એક ઉમ્મતીને પોતાના રસૂલની જેવી તા'ઝીમનો હુકમ આપવામાં આવ્યો છે જેના અમુક નમૂના સહાબાએ કિરામની જિંદગીથી રજૂ કરવામાં આવ્યા છે એવી તા'ઝીમ કરવી જોઈએ.

કિતાબ તથા સુન્નતની આ નુસૂસ (દલીલો) એલાનિયા તૌર પર શહાદત (સાક્ષી) આપી રહી છે કે હુઝૂર ﷺનો મર્તબો અલ્લાહની બારગાહમાં કેવળ "મોટાભાઈ" જેટલો નથી બલ્કે આપનો રુત્બો અલ્લાહ عزوجل تعالیٰના પછી સૌથી મહત્વનો છે. એ જ કારણે અલ્લાહ પર ઈમાન બાદ આપ ﷺની તા'ઝીમ તથા તૌક઼ીરનો હુકમ આપવામાં આવ્યો અને એ જ કારણે આપ ﷺ કોઈ નમાઝીને યાદ કરે તો એના પર લાઝિમ થઈ જાય છે કે નમાઝ છોડીને આપની બારગાહમાં હાજર થઈ જાય.

એક તરફ કિતાબ તથા સુન્નતના સ્પષ્ટ આદેશો છે અને બીજી બાજુ તેની સામે વહાબીઓની શરીઅતનો આવો અક઼ીદો તેમની કિતાબ 'સિરાતે મુસ્તક઼ીમ"માં છે : ظُلُمٰتٌۢ بَعۡضُهَا فَوۡقَ بَعۡضٍ બમુક઼તદાએ (ફારસીનો અનુવાદ) : "અંધકારો એકના પર એક (પડો) છે"નો તકાઝો એ છે કે ઝિનાના વસવસા કરતાં પોતાની પત્ની સાથે સંભોગનો ખયાલ બેહતર છે. અને શયખ (પીર) અથવા એમના જેવા માનનીય, ભલે એ જનાબ રિસાલત મઆબ (રસૂલુલ્લાહ ﷺ) હોય, નો ખયાલ ગાય અને ગધેડાની શકલ તથા સૂરતમાં ખોવાય જવા

કરતાં કેટલાય અંશે બદતર છે. કેમ કે તેમનો ખયાલ તા'ઝીમ તથા બુઝુર્ગી (ઈજલાલ) સાથે માણસના દિલમાં ગહરાઈ (ઊંડાણ)માં ચિપકી જાય છે. એનાથી ઉલ્ટુ ગાય તથા ગધેડાનો ખયાલ ન તો આટલા પ્રમાણમાં દિલથી ચિપકે છે અને ન તો તા'ઝીમની સાથે આવે છે, બલ્કે તેમનો ખયાલ ઝિલ્લત તથા હિકારત (તુચ્છતાપૂર્વક) આવે છે અને ગૈરુલ્લાહની આ તા'ઝીમ નમાઝમાં મલ્હઝ અને મકસૂદ હોય તો શિર્કની તરફ ખેંચીને લઈ  જાય છે."

*(સિરાતે મુસ્તક઼ીમ, મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી, પેજ : ૮૬)*

આ લખાણનો સારાંશ એ છે કે, "નમાઝમાં ગાય તથા ગધેડાનો ખયાલ તા'ઝીમ સાથે નહીં બલ્કે તૌહીન સાથે આવશે અને રસૂલુલ્લાહ તથા અન્ય અઝમતવાળા હઝરાતનો ખયાલ તા'ઝીમ તથા તૌક઼ીર સાથે આવશે, એટલા માટે એ શિર્કની તરફ ખેંચીને લઈ જશે, જેથી ગાય તથા ગધેડાનો ખયાલ લાવવો રસૂલુલ્લાહ ﷺ તથા અન્ય અઝમતવાળા હઝરાતનો ખયાલ લાવવા કરતાં કેટલાય ગણો વધારે બુરો છે."

**આ તે અક઼ીદો છે જેનો ઉલ્લેખ ન કુર્આનમાં છે ન સુન્નતે રસૂલુલ્લાહમાં, ન ઈજમાઅમાં, ન સલફ તથા ખલફ (આગલા તથા પાછલા બુઝુર્ગો)ના આદેશોમાં ! જો ક્યાંક એનું વર્ણન છે તો કેવળ વહાબી ફિર્ક઼ાની કિતાબ "સિરાતે મુસ્તક઼ીમ"માં છે જે ઉઘાડા છોગે (ઓપનલી) કુર્આન તથા સુન્નતની વિરુદ્ધ છે.** અમે હદીષની કિતાબોના પાનાંઓ અને સહીહ હદીષો આપની સમક્ષ રાખી દીધી છે તેનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરી લો તો સ્પષ્ટ થઈ જશે કે, "ઈમામુલ વહાબિયા"નો આ અક઼ીદો "સહીહ હદીષો"થી ઉઘાડો ઈન્હેરાફ (ભાગી છૂટવું, વિમુખ થવું) છે.



**પાંચમો મસ્અલો**

بسم الله الرحمن الرحيم

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِہِ الْکَرِیْمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْكَ یَارَسُوْلَ اللّٰہِ   اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْكَ یَا نَبِیَّ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْكَ یَاحَبِیْبَ اللّٰہِ   اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیْكَ یَا نُوْرَ اللّٰہِ
صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْكَ وَسَلَّمَ

# બારગાહે ઈલાહીમાં રસૂલુલ્લાહ ﷺની ઈજ્જત

## ★ ખુદાની બારગાહમાં રસૂલુલ્લાહ ﷺ તથા મો'મિનોની ઈજ્જત કુર્આન હદીષની રોશનીમાં ★

સર્વ ઈમાનવાળાઓનો અક઼ીદો છે કે બારગાહે ઈલાહીમાં સૌથી અધિક ઈજ્જત તથા ફઝીલત હુઝૂર સૈયદુલ અંબિયા, અફઝલુલ મુરસલીન ﷺને હાંસલ છે, પછી મહાન રસૂલો તથા અંબિયાએ કિરામ عَلَیْہِمُ السَّلَامને, પછી દરજા પ્રમાણે ક્રમે ક્રમે સહાબાએ કિરામ, અવલિયા તથા મો'મિનોને ઈજ્જત તથા કરામત હાંસલ છે.

*સબસે આ'લા વ અવલા હમારા નબી*
*સબસે બાલા વ વાલા હમારા નબી*
*ખલ્ક઼સે અવલિયા અવલિયાસે રુસુલ*
*ઔર રસૂલોંસે આ'લા હમારા નબી*

પરંતુ એનાથી ઉલ્ટો **વહાબી ફિર્ક઼ાવાળાનો અક઼ીદો છે કે** : દરેક મખ્લૂક઼ નાનો હોય કે મોટો તે અલ્લાહની શાન સમક્ષ ચમાર (મોચી, ખાલપા)થી પણ નીચ (ઝલીલ) છે. *(તક઼વિયતુલ ઈમાન, પેજ–૧૩, અલ ફસ્લુલ અવ્વલ ફિલ્ ઈજતિનાબ અનશ્શિર્ક, રાશિદ કંપની, દેવબંદ)*

જ્યારે કે કિતાબ તથા સુન્નત (કુર્આન તથા હદીષ)ની નસો (દલીલો) અને સલફ તથા ખલફ (આગલા તથા પાછલા બુઝુર્ગો)ની સ્પષ્ટતાઓ એની વિરૂધ્ધ છે.

## અહલે સુન્નતની દલીલો

### ★ કિતાબુલ્લાહની આયતો થકી સાબિતી ★

૧. અલ્લાહ તઆલ ફર્માવે છે :–

وَلِلّٰهِ الْعِزَّةُ وَلِرَسُوْلِهٖ وَلِلْمُؤْمِنِيْنَ وَلٰكِنَّ الْمُنٰفِقِيْنَ لَا يَعْلَمُوْنَ۠

"અને **અલ્લાહના માટે** જ ઈજ્જત છે, અને તેના **રસૂલના માટે** ઈજ્જત છે, અને **મો'મિનોના માટે** ઈજ્જત છે, **પરંતું મુનાફિક઼ નથી જાણતા.**

*(સૂરએ મુનાફિકૂન, ૬૩/૮)*

આ આયતે કરીમાથી જાણવા મળ્યું કે **અલ્લાહ ﷻની બારગાહમાં રસૂલુલ્લાહ ﷺની પણ ઈજ્જત છે અને મો'મિનોની પણ.** અલ્બત્ત એ ઈજ્જત તક઼વો તથા કુર્બે ઈલાહીના આધારે વધારે ઓછી છે.

૨. રબ તઆલાનો ઈર્શાદ છે :–

اِنَّ اَكْرَمَكُمْ عِنْدَ اللّٰهِ اَتْقٰىكُمْ "બેશક ! અલ્લાહની નજીક તમારામાં સૌથી અધિક ઈજ્જતવાળો તે છે જે તમારામાં સૌથી અધિક પરહેઝગાર છે."

*(સૂ. હુજુરાત, ૪૯/૧૩)*

અને વિના શંકાએ મો'મિનો, અવલિયા અલ્લાહ, સહાબીઓ સૌ એકથી એક પરહેઝગાર છે. અને નબીઓ તથા રસૂલો ખૂબ અધિક પરહેઝગાર છે, અને સૈયદુલ મુરસલીન ﷺ તો સૌથી વિશેષ પરહેઝગાર છે, તો એ લેહાઝથી બારગાહે ઈલાહીમાં સૌની ઈજ્જત તથા કરામત છે, અને **સૌથી અધિક ઈજ્જતવાળા આપણા રસૂલ ﷺ છે.**

૩. ખુદાએ કરીમ ઈર્શાદ ફર્માવે છે :–

تِلْكَ الرُّسُلُ فَضَّلْنَا بَعْضَهُمْ عَلٰى بَعْضٍ مِنْهُمْ مَّنْ كَلَّمَ اللّٰهُ وَرَفَعَ بَعْضَهُمْ دَرَجٰتٍ

"આ રસૂલોની જમાઅત, અમે તેમનામાં અમુકને અમુક પર ફઝીલત આપી, તેમાં સૌની સાથે અલ્લાહે કલામ કર્યો અને અમુકને દરજાઓ બુલંદીઓ અતા કરી." *(સૂ. બક્રહ, ૨/૨૫૩)*

જેટલા પ્રમાણમાં બારગાહે ઈલાહીમાં ફઝીલત વધારે એટલા પ્રમાણમાં ઈજ્જત પણ વધારે.

૪. قَدْ نَرٰى تَقَلُّبَ وَجْهِكَ فِي السَّمَآءِ ۚ فَلَنُوَلِّيَنَّكَ قِبْلَةً تَرْضٰهَا "હે મહબૂબ ! અમે જોઈ રહ્યા છીએ તમારું વારંવાર આસ્માનની તરફ મોં કરવું, તો જરૂર અમે ફેરવી દઈશું એ કિ઼બ્લાની તરફ જેમાં તમારી ખુશી છે." *(સૂ. બક્રહ, ૨/૧૪૪)*

૫. وَلَسَوْفَ يُعْطِيْكَ رَبُّكَ فَتَرْضٰى "નજીક છે તને તારો રબ એટલુ આપશે કે તું રાજી થઈ જઈશ." *(સૂ. વદુહા, ૯૩/૫)*

આ છે બારગાહે ઈલાહીમાં હુઝૂર સૈયદે આલમ ﷺની ઈજ્જત તથા માન મર્તબો કે અલ્લાહ ﷻ આપના રાજી તથા ખુશ થઈ જવાની બશારત આપી રહ્યો છે.

*ખુદાકી રઝા ચાહતે હૈં દો આલમ*
*ખુદા ચાહતા હૈ રઝાએ મુહમ્મદ ﷺ*

૬. કુર્આન ઉમ્મતે મુહમ્મદિયહ علی صاحبہا الصلاۃ والتحیۃની ફઝીલતની ગવાહી આ રીતે આપે છે : كُنْتُمْ خَيْرَ اُمَّةٍ اُخْرِجَتْ لِلنَّاسِ "તમે લોકો સૌથી અફઝલ ઉમ્મત છો જે લોકોના માટે જાહેર થઈ." *(સૂ. આલે ઈમરાન, ૩/૧૧૦)*

જાહેર છે કે જે ઉમ્મત અધિક અફઝલ હશે તેની ઈજ્જત પણ અધિક હશે.

## ★ રસૂલુલ્લાહ ﷺના ફર્માનો થકી સાબિતી ★

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عَمْرِو بْنِ الْعَاصِ أَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ.. قال : "اللّٰهُمَّ أُمَّتِي أُمَّتِي". وَبَكٰى .... فَقَالَ اللّٰهُ عَزَّ وَجَلَّ : يَا جِبْرِيلُ اذْهَبْ إِلٰى مُحَمَّدٍ فَقُلْ إِنَّا سَنُرْضِيكَ فِي أُمَّتِكَ وَلَا نَسُوءُكَ۔

૧. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہથી રિવાયત છે કે

નબી કરીમ ﷺએ દુઆ કરી : "હે અલ્લાહ ! મારી ઉમ્મતને બખ્શી દે, હે અલ્લાહ ! મારી ઉમ્મતને બખ્શી દે. અને હુઝૂર (આ દુઆ કરતાં કરતાં) રડી પડયા. *(અસ્સહીહુલ મુસ્લિમ, ૧/૧૧૩, કિતાબ/બાબ દુઆઉન્નબી ﷺ ........ મજલિસે બરકાત)*

તો અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, હે જિબ્રઈલ ! મુહમ્મદ ﷺની ખિદમતમાં હાજર થઈને મારો આ પયગામ સંભળાવો કે, "અમે નજીકમાં જ આપની ઉમ્મતના બારામાં આપને ખુશ કરી આપીશું અને તમને ગમગીન કરીશું નહીં."

આ સહીહ હદીષથી પણ સાબિત થાય છે કે અલ્લાહ ﷻ પોતાના મહબૂબની રઝા (ખુશી) ચાહે છે.

"અત્તહરીર"ના કર્તાએ અહીં એ નુક્તો (પોઈંટ) વર્ણવ્યો છે કે ઉમ્મતની કેટલીક વ્યક્તિઓને બખ્શીને રાજી કરવામાં આવી શકે છે, પણ કેટલાક વ્યક્તિઓના જહન્નમમાં જવાથી ગમ તો થશે. એટલા માટે અલ્લાહ તઆલાએ આવું ફર્માવીને કે لا نسوءُك "અમે તને ગમગીન કરીશું નહીં" આ બશારત આપી છે કે نُرْضيك ولَا نُدْخِلُ عليك حزنًا؛ بل نُنَجِّي الجميع "અમે તને ખુશ કરી આપીશું અને તારા પર કોઈ ગમ આવવા દઈશું નહીં, બલ્કે પૂરી ઉમ્મતને બખ્શી દઈશું." *(શરહે સહીહ મુસ્લિમ લિલ્ઈમામિન્નવવી, ૧/૧૧૪, અલ્બાબુલ્ મઝકૂર)*

عن أبي هريرة، قال : ... قال (رسول الله صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ): أَنَا سَيِّدُ النَّاسِ يَوْمَ الْقِيَامَةِ وَهَلْ تَدْرُونَ مِمَّ ذَلِكَ، يَجْمَعُ اللّٰهُ النَّاسَ الْأَوَّلِينَ وَالْآخِرِينَ فِي صَعِيدٍ وَاحِدٍ -

**૨.** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. તે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "હું કયામતના દિવસે સર્વ લોકોનો સરદાર છું. તમે જાણો છો કે એ કયા કારણે છે ? અલ્લાહ તઆલા સર્વ આગલા તથા પાછલાઓને એક સપાટ વિશાળ મેદાનમાં ભેગા કરશે. *(સહીહ બુખારી, ૨/૨૮૪, કિતાબુત્તફસીર... મુબારકપુર, સહીહ મુસ્લિમ, ૧/૧૧૧, કિતાબુલ ઈમાન, મજલિસે ...........મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ, પેજ–૬૯૫, જામેઅ તિર્મિઝી, ૨/૬૬......)*

સહીહ મુસ્લિમ શરીફમાં આ હદીષની બીજી રિવાયતમાં આ પ્રમાણે છે :

وُضِعَتْ بَيْنَ يَدَيْ رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَصْعَةٌ مِنْ ثَرِيدٍ وَلَحْمٍ، فَتَنَاوَلَ الذِّرَاعَ، وَكَانَتْ أَحَبَّ الشَّاةِ إِلَيْهِ، فَنَهَسَ نَهْسَةً، فَقَالَ: أَنَا سَيِّدُ النَّاسِ يَوْمَ الْقِيَامَةِ، ثُمَّ نَهَسَ نَهْسَةً أُخْرَى وقَالَ: أَنَا سَيِّدُ النَّاسِ يَوْمَ الْقِيَامَةِ. فَلَمَّا رَأَى أَصْحَابَهُ لَا يَسْأَلُونَهُ، قَالَ: أَلَا تَقُولُونَ كَيْفَهْ؟ قَالُوا: كَيْفَهْ يَا رَسُولَ اللّٰهِ، قَالَ: يَقُومُ النَّاسُ لِرَبِّ الْعَالَمِينَ. إلخ

''રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં ષરીદ તથા ગોશતનો પ્યાલો પેશ કરવામાં આવ્યો તો આપે બકરાનો દસ્ત જે આપને પસંદ હતો તેને લઈને થોડુક ખાધુ અને ફર્માવ્યું, ''હું કયામતના દિવસે સર્વ લોકોનો સરદાર છું.'' પછી બીજીવાર કાંઈક ખાયને ફર્માવ્યું કે, ''હું કયામતના દિવસે સર્વ લોકોનો સરદાર છું.'' *(સહીહ મુસ્લિમ, ૧/૧૧૧, કિતાબુલ ઈમાન....મજલિસે બરકાત)*

જ્યારે સરકાર ﷺએ જોયું કે આપના સહાબા એનું કારણ નથી પૂછતા. તો ફર્માવ્યું, તમે લોકો પૂછતા કેમ નથી કે આ કયા સબબથી છે ? તો સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! એનો સબબ શો છે ? તો આપે ફર્માવ્યું કે લોકો રબ્બુલ આલમીનની બારગાહમાં હાજર થશે. (પછી આપે શફાઅતની હદીષ વર્ણન કરી)

حَدَّثَنِي أَبُو هُرَيْرَةَ، قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: أَنَا سَيِّدُ وَلَدِ آدَمَ يَوْمَ الْقِيَامَةِ، وَأَوَّلُ مَنْ يَنْشَقُّ عَنْهُ الْقَبْرُ وَأَوَّلُ شَافِعٍ وَأَوَّلُ مُشَفَّعٍ۔

૩. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

❒ હું કયામતના દિવસે સર્વ માણસોનો સરદાર છું.

❒ હું સૌ પ્રથમ કબરથી બહાર આવીશ.

❒ અને સૌથી પહેલાં શફાઅત કરીશ.

❒ અને સૌ પ્રથમ મારી શફાઅત કબૂલ થશે.

عَنْ أَبِي سَعِيدٍ قَالَ : قَالَ رَسُولُ اللهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ : ''أَنَا سَيِّدُ وَلَدِ آدَمَ يَوْمَ الْقِيَامَةِ وَلَا فَخْرَ، وَبِيَدِي لِوَاءَ الْحَمْدِ وَلا فَخْرَ، وَمَا مِنْ نَبِيٍّ يَوْمَئِذٍ آدَمُ فَمَنْ سِوَاهُ إِلَّا تَحْتَ لِوَائِي وَأَنَا أَوَّلُ مَنْ تَنْشَقُّ عَنْهُ الْأَرْضُ وَلَا فَخْرَ . . . و هذا حديث حسن۔

**૦૪.** હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ ફર્માવે છે કે અલ્લાહ તઆલાના રસૂલ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

❒ હું કયામતના દિવસે સર્વ આદમની ઔલાદનો સરદાર છું અને આ હું ફખ્રથી નથી કહેતો.

❒ મારા હાથમાં લિવાઉલ હમ્દ હશે, અને એ પણ હું કોઈ ફખ્રથી નથી કહેતો.

❒ અને એ દિવસે સર્વ નબીઓ હઝરત આદમ તથા તેમના સિવાય જેટલા છે સર્વ મારા લિવા (ઝંડા) નીચે હશે.

❒ અને હું સૌ પ્રથમ કબ્રથી બહાર આવીશ, એ પણ કોઈ ફખ્રથી નથી કહેતો. આ હદીષ હસન છે. *(સહીહ મુસ્લિમ, ૨/૨૪૫, કિતાબુલ ફઝાઈલ, ..... મજલિસે બરકાત, સુનને અબૂ દાઊદ, પેજ–૫૧૦, કિતાબુસ્સુન્નહ... બૈરૂત)*

عَنْ أَنَسِ بْنِ مَالِكٍ قَالَ : سَمِعْتُ رَسُولَ اللهِ ﷺ يَقُولُ .... وَأَنَا سَيِّدُ النَّاسِ يَوْمَ الْقِيَامَةِ وَلا فَخْرَ، وَأَنَا أَوَّلُ مَنْ يَدْخُلُ الْجَنَّةَ يَوْمَ الْقِيَامَةِ وَلَا فَخْرَ۔

**૦૫.** હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે, હું કયામતના દિવસે સર્વ લોકોનો સરદાર છું અને કાંઈ ફખ્ર નથી. અને હું સૌ પ્રથમ જન્નતમાં દાખલ થઈશ, અને કોઈ ફખ્ર નથી. *(સુનને દારમી, ૧/૧૯૮, ૧૯૯, હદીષ–૫૩, તથા શોઅબુલ ઈમાન લિલ્ બયહકી, ૨/૧૮૧, તથા દલાઈલુન્નબુવ્વત લિલ્ બયહકી, ૫/૪૭૯, ........ દારુલ કુતુબિલ ઈલ્મિયા, તથા દલાઈલુન્નબુવ્વત લિ અબી નુએમ, પેજ–૬૪, અલફસ્બુર્રાબિઅ)*

عن ابن عباس ، قال : قال رسول الله صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ : أنا سيد وُلد آدم في الدنيا وفي الآخرة ولا فخر ، وأنا أوّل من تنشق الأرض عني وعن أمتي ولا فخر ، وبيدي لواء الحمد يوم القيامة ولا فخر ، و آدم وجميع الأنبياء من وُلد آدم تحته ، وإليّ مفاتيح

الجنة يوم القيامة ولا فخر ، وبي تفتح الشفاعة يوم القيامة ولا فخر ، وأنا سائق (وفي الخصائص الكبرى: سابقُ ـن) الخلق إلى الجنة يوم القيامة ولا فخر ، وأنا إمامهم ، وأمتي بالأثر۔

**૦૬.** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ બતાવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

- ❒ હું દુનિયા તથા આખેરતમાં સર્વ આદમની ઓલાદનો સરદાર છું અને કોઈ ફખ્ર નથી.
- ❒ અને સૌથી પહેલાં હું અને મારી ઉમ્મત ક઼બ્રોએથી નીકળશે, અને કોઈ ફખ્ર નથી.
- ❒ અને ક઼યામતના દિવસે મારા જ હાથમાં લિવાઉલ હમ્દ હશે અને સર્વ નબીઓ એની નીચે હશે એ પણ હું કોઈ ફખ્રથી નથી કહેતો.
- ❒ અને મારા જ અખત્યારમાં જન્નતની ચાવીઓ હશે અને કોઈ ફખ્ર નથી.
- ❒ અને મારા થકી જ શફાઅતની શરૂઆત થશે અને કોઈ ફખ્ર નથી.
- ❒ અને હું સર્વ મખ્લૂક઼થી પહેલાં જન્નતમાં પ્રવેશ કરીશ અને કાંઈ ફખ્ર નથી.
- ❒ અને હું એ સૌની આગળ હોઈશ અને મારી ઉમ્મત મારી પાછળ હશે.

આ હદીષો શાહિદ (સાક્ષી) છે કે હુઝૂર સૈયદે આલમ ﷺ અલ્લાહ તઆલાની બારગાહમાં સર્વ કાઈનાતમાં સૌથી અધિક ઈજ્જત તથા પ્રતિષ્ઠાવાળા છે.

આપ દુનિયા તથા આખેરતમાં આદમની પૂરી ઔલાદના સરદાર છે. જાહેર છે કે ખુદાએ કુદુસની બારગાહથી એ સરદારી એને મળશે જે તેની બારગાહમાં સૌથી અધિક ઈજ્જતવાન હોય.

ક઼યામતના દિવસે સરકાર ﷺના દસ્તે અક઼દસમાં જ 'લિવાઉલ હમ્દ' હશે જેની નીચે સર્વ અંબિયાએ કિરામ હશે. એનાથી સર્વ અંબિયા પર આપની ઈજ્જત (પ્રતિષ્ઠા) જાહેર છે અને એનાથી સર્વ મખ્લૂક઼ પર પણ આપની પ્રતિષ્ઠા

જાહેર થઈ જાય છે. (સર્વ મખ્લૂક઼માં આપ શ્રેષ્ઠ ઈજ્જતવાળા છે)

બાકીની ખાસિયતો તથા ફઝાઈલ પણ આ જ બાબતની સાક્ષી આપે છે. વિચારવાની વાત છે કે શું અલ્લાહ તઆલા એને દુનિયા તથા આખેરતનો સરદાર બનાવશે જે મઆઝલ્લાહ ! તેની બારગાહમાં ચમારથી પણ અધિક ઝલીલ (નીચ, બેઈજ્જત) હોય ?!

શું અલ્લાહ તઆલા એવાના જ હાથમાં 'લિવાઉલ હમ્દ' આપશે ? શું એવાના જ હાથમાં જન્નતની ચાવીઓ અર્પણ કરશે ? શું એવાના જ થકી શફાઅતની પહેલ કરશે જે અલ્લાહની પનાહ ! ચમાર (ખાલપા)થી પણ અધિક ઝલીલ (નીચ) હોય.

શું ઈમામુલ વહાબિયા (વહાબીઓના ગુરૂ) અને તેના સાથીઓનો આ અક઼ીદો મુબારક હદીષોનો ઉઘાડો વિરોધ નથી ?! (કે દરેક મખ્લૂક મોટો હોય કે નાનો તે અલ્લાહની આગળ ચમારથી પણ અધિક ઝલીલ (નીચ) છે. –*તક઼વિયતુલ ઈમાન*)

عَنِ ابْنِ عَبَّاسٍ، قَالَ : جَلَسَ نَاسٌ مِنْ أَصْحَابِ رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَنْتَظِرُونَهُ، قَالَ : فَخَرَجَ ، حَتّٰى إِذَا دَنَا مِنْهُمْ ، سَمِعَهُمْ يَتَذَاكَرُونَ فَسَمِعَ حَدِيثَهُمْ ... وَ قَالَ :

قَدْ سَمِعْتُ كَلَامَكُمْ وَعَجَبَكُمْ إِنَّ إِبْرَاهِيمَ خَلِيلُ اللّٰهِ وَهُوَ كَذٰلِكَ، وَمُوسَى نَجِيُّ اللّٰهِ وَهُوَ كَذٰلِكَ، وَعِيسَى رُوحُه وَكَلِمَتُهُ وَهُوَ كَذٰلِكَ، وَآدَمُ اصْطَفَاهُ اللّٰهُ وَهُوَ كَذٰلِكَ ،

أَلَا وَأَنَا حَبِيبُ اللّٰه وَلَا فَخْرَ ... وَأَنَا أَكْرَمُ الْأَوَّلِينَ وَالْآخِرِينَ وَلَا فَخْرَ «.هٰذَا حَدِيثٌ غَرِيبٌ۔

**૦૭.** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺના કેટલાક સહાબાએ કિરામ દરે અક઼દસ (દરવાજા) પર બેસીને આપની રાહ જોઈ રહ્યા હતા. રાવીનું બયાન છે કે હુઝૂર ﷺ બહાર નીકળ્યા અને જ્યારે એમની નજીક થયા તો તેમની વાતચીત સાંભળી, અને ફર્માવ્યું, "મેં તમારી વાતચીત સાંભળી અને એ બાબત પર તમારું આશ્ચર્ય કરવું પણ સાંભળ્યું કે

હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ છે, અને ખરેખર એ એવા જ છે. અને મૂસા નજીયુલ્લાહ છે, અને તે એવા જ છે. અને હઝરત ઈસા રૂહુલ્લાહ છે અને કલિમતુલ્લાહ છે, અને તે એવા જ છે. અને આદમ સફીયુલ્લાહ છે અને ખરેખર તે એવા જ છે.

સાંભળી લો ! અને હું હબીબુલ્લાહ છું અને કાંઈ ફખ્ર નથી અને **હું સર્વ આગલા તથા પાછલાઓમાં સૌથી અધિક ઈજ્જતવાળો છું** અને કોઈ ફખ્ર નથી. આ હદીષ ગરીબ છે.

હબીબુલ્લાહનો મક઼ામ ખલીલ તથા નજી તથા કલીમ તથા સફી સૌથી ઊંચો હોય છે, જેથી સૌથી અધિક ઈજ્જતવાળા હુઝૂર ﷺ થયા અને આખરી વાક્યમાં તો એનું એલાન છે. *(જામેઅ તિર્મિઝી, ૨/૨૦૨, મજલિસે બરકાત તથા સુનને દારમી, ૧/૧૯૫, હદીષ–૪૮)*

અલ્લામા સિરાજ બિલ્કીની رحمۃ اللہ علیہની તેહક઼ીક઼ પ્રમાણે આ હદીષ હસન છે. *(ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે અબૂ નુઐમે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી હસન સનદ સાથે રિવાયત કરી અને આ સનદનુ હસન હોવું એની તેહક઼ીક઼ સિરાજ બલ્કીનીએ પોતાના ફતાવામાં કરી છે જેમ કે એનો ઉલ્લેખ ઈબ્ને હજર મક્કી رضی اللہ عنہએ પોતાની કિતાબ અફઝલુલ કુર્રામાં કર્યો. જો કે અબૂ ઈસા رحمۃ اللہ علیہએ એમાં મતભેદ કર્યો. તજલ્લિયુલ યક઼ીન બિઅન્નિ નબિય્યિના સૈયિદિલ મુરસલીન, પેજ–૯૩, .......રઝવી દારુલ ઈશાઅત, બ્રાઉન શરીફ)* વળી એના લખાણો સહીહ હદીષોથી સાબિત છે અને ગમે તેમ પણ વહાબીઓના ઈમામ (ઈસ્માઈલ દહેલ્વી)ના કથનની સરખામણીમાં અમને આ હદીષ પ્યારી છે.

عن عمر بن الخطاب رضي الله عنه قال : قال رسول الله صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ : لما اقترف آدم الخطيئة قال: يا رب أسألك بحق محمد لما غفرت لي".

قال: و كيف عرفت محّمدا ؟ قال : لأنك لما خلقتني بيدك و نفخت فِيّ من روحك رفعتُ رأسي فرأيتُ على قوائم العرش مكتوبا: ''لا إله إلا الله محمدٌ رَّسُول الله''

فعلمت أنك لم تُضف إلى اسمك إلا أحبّ الخلق إليك . قال: صدقت يا آدم ، إنه لأحب الخلق إلي۔

أما إذا سألتني بحقه فقد غفرت لك ، ولولا محمد ما خلقتُك. قال الحاكم: هذا حديث صحيح الإسناد۔

**૦૮.** હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે જ્યારે હઝરત આદમ علیہ السلامથી લગ્ઝિશ થઈ ગઈ તો તેમણે દુઆ કરી : "હે પરવરદિગાર ! મુહમ્મદ ﷺના હક્ક્ના વસીલાથી મારી મગફિરત ફર્માવ." (અલ્લાહ તઆલાએ પૂછયું, તમે મુહમ્મદ (ﷺ)ને કેવી રીતે ઓળખ્યા ? તો તેમણે અર્ઝ કરી, જ્યારે તેં મને તારા દસ્તે કુદરત વડે બનાવ્યો અને મારા શરીરમાં રૂહ ફૂંકી અને મેં મારું માથુ ઉઠાવ્યું તો અર્શના પાયાઓ પર لَا اِلٰہَ اِلَّا اللہُ مُحَمَّدٌ رَّسُوْلُ اللہِ લખેલું જોયું, એનાથી મેં જાણી લીધું કે **તેં પોતાના નામની સાથે એનું જ નામ મિલાવ્યું છે જે તને સર્વ મખ્લૂક્માં સૌથી અધિક મહબૂબ તથા પ્રિય છે. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, આદમ તેં સાચુ કહ્યું. અને જો મુહમ્મદ ન હોત તો હું તને પેદા ન કરત.** ઈમામ હાકિમ ફર્માવે છે કે આ હદીષ 'સહીહુલ અસ્નાદ' છે. *(મુહદ્દિષે જલીલ હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ પોતાની કિતાબ તજલ્લિયુલ યક઼ીનમાં લખે છે કે ઈમામ હાકિમે ફર્માવ્યું, આ હદીષ સહીહુલ ઈસ્નાદ છે એટલે કે એની સનદ સહીહ છે અને આ હદીષની સહીહ ઈસ્નાદને યથાવત રાખી અલ્લામા ઈબ્ને અમીર અલ્હાજે પોતાની કિતાબ હિલ્યહમાં અને ઈમામ સુબ્ક઼ીએ પોતાની કિતાબ શિફાઉસ્સિકામમાં. હું કહું છું કે મારી નજીક આ હદીષ કમસે કમ હસનના દરજાએ જરૂર છે. તજલ્લિયુલ યક઼ીન, પેજ-૬૮, તાબિશ અવ્વલ, વહી અવ્વલ)*

અને ઈમામ હાકિમ સાહિબે મુસ્તદરકની એક રિવાયત છે : અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, **હે આદમ ! તેં સાચુ કહ્યું, બેશક ! એઓ સર્વ મખ્લૂક્માં સૌથી અધિક મહબૂબ તથા પ્યારા છે.**

**અને જ્યારે તેં તેના હક્ક્ના વસીલાથી દુઆ કરી છે તો મેં તને**

**બખ્શી આપ્યો, અને જો મુહમ્મદ ન હોત તો હું તને પૈદા ન કરત.**

મુજદ્દિદે ઈસ્લામ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની કિતાબે મુસ્તતાબ ''તજલ્લિયુલ કુર્આન''માં ખૂબ જ અધિક પ્રમાણમાં આ વિષયની આયતો તથા હદીષો છે જેનાથી સાબિત થાય છે કે હુઝૂર સૈયદે આલમ, તાજદારે બની આદમો આદમ ﷺ સર્વ સૃષ્ટિ (કાઈનાત)માં સૌથી અધિક ખુદા તઆલાની બારગાહમાં ઈજ્જત તથા કરામત તથા પ્રતિષ્ઠા તથા મર્તબાવાળા છે, જેથી વહાબિયતનું આ (અલ્લાહની બારગાહમાં ચમારથી પણ અધિક નીચ હોવાવાળુ) કથન જરૂરથી આ અતિ સંખ્યામાંની આયતો તથા હદીષોની વિરુદ્ધ છે.

# ચશ્મે તર ચાહિયે

**અઝ** : મૌલાના **મુહમ્મદ શાકિર** અલી નૂરી *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

દર્દે દિલ ચાહિયે ચશ્મે–તર ચાહિયે  મુઝકો આકા કી પ્યારી નઝર ચાહિયે
હૈ મુનવ્વર ઝિયા સે યે સારા જહાં  સબકે દિલ કી હકીકત હૈ ઉન પર અયાં
મેરે દિલ કી તમન્ના હૈ જાને જહાં  નૂર કી એક કિરન અબ ઈધર ચાહિયે
સરવરે દો જહાં કા હૈ બેહદ કરમ  ઝાતે વાલા સે કાયમ હૈ મેરા ભરમ
મુઝકો આકા દિખાતે હો અપના હરમ  આપકી દીદ કો ચશ્મે–તર ચાહિયે
ખુદ ખુદા ને બનાયા હૈ તુમકો હબીબ  ઔર ઉસને બનાયા હૈ તુમકો તબીબ
મર્ઝે ઈસ્યાં સે અબ તો શિફા હો નસીબ  સુન્નતોં પર અમલ ઉમ્ર ભર ચાહિયે
યા નબી મુઝ પે હો એક કરમ કી નઝર  બારે ઈસ્યાં સે અબ તો ઝુકી હૈ કમર
કોઈ હુસ્ને અમલ તો નહીં હૈ મગર  મુઝકો બખ્શિશ કા ઝાદે સફર ચાહિયે
ભીક ઈલ્મો–અમલ કી અતા કીજિયે  અપની સુન્નત કા પૈકર બના દીજિયે
જામે ઉલ્ફત મુઝે અબ પિલા દીજિયે  વક્તે આખિર મુઝે વો નઝર ચાહિયે
મુઝકો આકા મદીને બુલાતે રહેં  અપના મેહમાં હમેશા બનાતે રહેં
**'શાકિરે'** બેનવા કો નિભાતે રહેં  આખિરી વક્ત મુઝકો યહ દર ચાહિયે

# નઅ્તે પાક

**કલામ : આશિક઼ે રસૂલ આ'લા હઝરત મુહદ્દિષે બરેલ્વી** رحمۃ اللہ علیہ

ઉનકી મહક ને દિલ કે ગુન્ચે ખિલા દિયે હૈં
જિસ રાહ ચલ દિયે હૈં કૂચે બસા દિયે હૈં

ઉનકે નિષાર કોઈ કૈસે હી રંજ મેં હો
જબ યાદ આ ગયે હૈં સબ ગ઼મ ભુલા દિયે હૈં.

જબ આ ગઈ હૈં જોશે રહમત પે ઉનકી આંખેં
જલતે બુઝા દિયે હૈં, રોતે હંસા દિયે હૈં

એક દિલ હમારા કયા હૈ આઝાર ઉસકા કિતના
તુમને તો ચલતે ફિરતે મુર્દે જિલા દિયે હૈં

હમસે ફક઼ીર ભી અબ ફેરી કો ઉઠતે હોંગે
અબ તો ગ઼ની કે દર પર બિસ્તર જમા દિયે હૈં

આને દો યા ડુબો દો અબ તો તુમ્હારી જાનિબ
કશ્તી તુમ્હીં પે છોળી લંગર ઉઠા દિયે હૈં
અલ્લાહ ક્યા જહન્નમ અબ ભી ન સર્દ હોગા
રો–રો કે મુસ્તફા ને દરિયા બહા દિયે હૈં

મેરે કરીમ સે ગર ક઼તૂરા કિસી ને માંગા
દરિયા બહા દિયે હૈં દુર બે–બહા દિયે હૈં

મુલ્કે સુખન કી શાહી તુમકો **'રઝા'** મુસલ્લમ
જિસ સમ્ત આ ગએ હો સિક્કે બિઠા દિયે હૈં

❑ ❑ ❑